હમ્દ ૭૮૬/૯૨ ના'ત

# જલ્વ-એ-હૂદ
## (રદિયલ્લાહુ અન્હુ)



-: સંપાદક :-


પીરે તરીકત સૈયદ દાદામિયાં બિન શમ્સુદ્દીન
'મુહિબ' કાદરી હૂદી હુસૈની
મુ.રૂપાલ, તા.બાવલા, જિ. અહમદઆબાદ



-: પ્રકાશક :-

સુન્ની મુસ્લિમ કમિટી
હવેલી શેરી-વેરી દરવાજા, મુ.ગોંડલ જી. રાજકોટ-૩૬૦૩૧૧

હમ્દ ૭૮૬/૯૨ ના'ત

# જલ્વ-એ-હૂદ

## (રદિયલ્લાહુ અન્હુ)

:- સંપાદક :-
પીરે તરીકત સૈયદ દાદામિયાં બિન શમ્સુદ્દીન
'મુહિબ' કાદરી હૂદી હુસૈની
મુ.રૂપાલ, તા.બાવલા, જિ. અહમદઆબાદ

:- પ્રકાશક :-
**સુન્ની મુસ્લિમ કમિટી**
હવેલી શેરી-વેરી દરવાજા, મુ.ગોંડલ જી. રાજકોટ-૩૬૦૩૧૧

સરપરસ્ત : પીરે તરીકત હઝરત અલહાજજ સૈયદ કમરૂદ્દીન બાવા સાહેબ કારંટવી

કિતાબનું નામ : જલ્વ-એ-હૂદ (રદિયલ્લાહુ અન્હુ)

સંપાદક : પીરે તરીકત સૈયદ દાદામિયાં બિન શમ્સુદ્દીન 'મુહિબ' કાદરી હૂદી હુસૈની રૂપાલવાલા

પ્રુફ રીડીંગ : સૈયદ એહસાનુલહક બિન દાદામિયાં કાદરી

હિજરી સન : રજબ - ૧૪૩૧

ઈ.સન : જૂન - ૨૦૧૦

આવૃત્તિ : બીજી (સુધારા વધારા સાથે)

પ્રત : ૧૦૦૦

પ્રકાશન નં. : ૨૮૬

કિંમત : અમૂલ્ય

કોમ્પ્યુ. ડિઝાઈન: જે.કે. કોમ્પ્યુટર ગ્રાફીકસ અહમદઆબાદ-૧

પ્રિન્ટેડ બાય : કલીમ બુક ડીપો એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ અહમદઆબાદ-૧ ફોન નં. :(૦૭૯) ૨૫૫૦૦૧૧૦

પ્રકાશક : સુન્ની મુસ્લિમ કમિટી, હવેલી શેરી- વેરી દરવાજા, મું. ગોંડલ જી. રાજકોટ પીન. નં.૩૬૦૩૧૧

# બે બોલ

## નહમદુહૂ વનુ સલ્લી અલા રસૂલિહિલ કરીમ

અલ્લાહ તઆલાના બેહિસાબ ફઝલો કરમથી અને તેના પ્યારા પયગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સદકા અને તુફૈલમાં આ કિતાબ 'જલ્વ-એ-હૂદ'ની બીજી આવૃત્તિ (સુધારા-વધારા સાથે) આપની સમક્ષ રજૂ કરવા સક્ષમ થયો છું.

ગુજરાતની ધરતી પર અગણિત ઔલિયાએ કિરામ આરામ ફરમાવી રહ્યા છે અને તેમાં પણ પીરાનપટ્ટન એટલે આજનું પાટણ જેને ઈતિહાસમાં અણહિલવાડ પાટણ અને નહેરવાલાના નામથી પણ ઓળખવામાં આવે છે. આ પાટણને પીરાનપટ્ટનશરીફ હોવાનું બહુમાન પણ પ્રાપ્ત છે. તેનું કારણ એ છે કે પાટણ એક સમયે ગુજરાતની રાજધાની હતી. પાટનગર હોવાના કારણે વિદેશથી આવતા મુસાફિરો પાટનગરમાં એટલા માટે રોકાણ કરતા કે રાજધાનીનું શહેર હોવાના કારણે જરૂરી સુવિધાઓ મળી રહેવાની શકયતાઓ સમાયેલી હોય છે.

અરબ, ઈરાન, ઈરાક અને સિરિયાથી જેટલા મુસ્લિમ સૂફી, સંતો અને ઔલિયાઓ ગુજરાતમાં પધાર્યા તેઓ મોટાભાગે પાટણ આવ્યા અને પાટણમાં સ્થાયી થઈને ગુજરાતમાં ઈસ્લામના પ્રચારનું કાર્ય કરતા રહ્યા. એ જ કારણે પાટણમાં પીરો અને સૂફીઓની સંખ્યા અન્ય શહેરો કરતા વિશેષ હોવાથી આ શહેર પીરાનપટ્ટન તરીકે ખ્યાતી મેળવી ગયું. આજે પણ આ શહેરમાં ઠેરઠેર બુઝુર્ગોના મઝાર અને દરગાહો જોવા મળે છે.

પીરાનપટ્ટન, નહેરવાલા, અણહિલવાડ પાટણમાં એક મુસ્લિમ, સૂફી, વલીઅલ્લાહ તરીકે સૌ પ્રથમ આવનારનું શ્રેય હઝરત ખ્વાજા સુલ્તાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુને ફાળે જાય છે. પાટણમાં પધારનાર આપ પ્રથમ મુસ્લિમ છે.

આ જોતા હઝરત સુલ્તાન હાજી હૂદ બાબા રદિયલ્લાહુ અન્હુને ધર્મ, ભાષા, સંસ્કૃતિ, સમાજજીવન અને તેની પ્રણાલિકા તમામ બાબતો પોતાનામાં વિપરિત હોવાના કારણે અનેક અડચણો અને અગવડોનો સામનો કરવો પડયો હશે. એક સમયના તેઓ પોતે સમરકંદના સુલ્તાન (રાજા) હતા. સુખ-સાહ્યબી અને રાજગાદીનો ત્યાગ કરીને આ મહાન ત્યાગી પુરૂષે કેટલા

કષ્ઠો વેઠયા હશે તેની કલ્પના કરવી અઘરી છે ! આવા મહાન ત્યાગી, કર્મવીર, મહાન પુરૂષ, વલી, સૂફી અને ધર્મ પ્રચારકની જિંદગીનો અભ્યાસ કરવાથી આપણામાં એક અલૌકિક શક્તિનો સંચાર થાય છે.

અલ્લાહ તઆલાના નેક (સાલેહ) બંદાઓનો જ્યાં અને જ્યારે ઝિકર (સ્મરણ) થાય છે ત્યારે અને ત્યાં અલ્લાહ તઆલાની રહમત (કૃપા)નું ઉતરાણ (નુઝૂલ) થાય છે. હતાશ, નિરાશ અને ઉદાસ મનવાળા દુઃખી લોકો માટે ઔલિયાએ કિરામના પવિત્ર જીવનની વાતો ઉત્તમ ઔષધ સાબિત થઈ છે જેમાં બે મત નથી.

આ કિતાબ 'જલ્વ-એ-હૂદ'મા અબુલબરકાત, સિરાજુલહિંદ, શેરેસાની, મુબલ્લિગેઆઝમ, તારીકુસ્સલ્તનત, હઝરત ખ્વાજા સૈયદ સુલ્તાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ અને આપની ઔલાદમાં થઈ ગયેલા નેક બંદાઓનું સંક્ષિપ્ત વર્ણન રજૂ કર્યું છે. હઝરત સુલ્તાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ અને આપના વંશની એ માનવજાતની ભલાઈ માટે કરેલ કાર્યોની આછી ઝલક છે.

જ્યારે ગુજરાતભરમાં અજ્ઞાનતાનું સામ્રાજ્ય છવાયેલું હતું. બૂતપરસ્તી અને જાદૂવિદ્યામાં લોકો ગળાડૂબ હતા. દારૂ-જુગાર,ખૂનરેજી સામાન્ય બાબત બની ગઈ હતી એટલે ચોમેર અંધાધૂંધી વ્યાપક હતી તેવા કાળમાં તૌહિદ (એકેશ્વરવાદ) અને રિસાલતનો સંદેશ પહોંચાડવાનું અતિ ભગિરથ કાર્ય, માનવતાના મૂલ્યોના જતનનું અઘરૂં કાર્ય, મહાનધર્મ પ્રચારક હઝરત ખ્વાજા સુલ્તાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુએ પૂર્ણ કર્યું. ગુજરાતમાં શાંતિની સ્થાપના કરી માનવની સેવાના કાર્યો હાથ ધર્યા. જોતજોતામાં આપ લોકપ્રિયતાના શિખરે બિરાજમાન થયા. પોતાના મકસદમાં સફળતા મેળવી જેનો ઈતિહાસ સાક્ષી છે.

અહીંયા જે માહિતી રજૂ કરી છે તે ઐતિહાસિક પુસ્તકોના હવાલા સહ રજૂ કરી છે. શકય તેટલી તેટલી દરગાહોના ફોટાઓનો પણ સમાવેશ કરેલ છે. આશા છે કે આ રૂહાની અને ઐતિહાસિક લખાણ આપને ગમશે. કોઈ ક્ષતિ કે ઉણપ જણાય તો જરૂરથી જણાવશો આભારી થઈશ.

લિ. બુઝુર્ગોની ચરણરજ

**સૈયદ દાદામિયાં એસ. કાદરી હૂદી હુસૈની**

## પ્રથમ આવૃત્તિ માટે

**હઝરત અલ્લામા અલ્હાજ સૂફી મુહમ્મદ નઝીર અહમદ ''નઝર'' સાહેબ નઈમી નિયાઝી મુરાદાબાદી ખતીબ વ ઈમામ આસ્તાના એ મુકદ્દસા હઝરત શાહેઆલમ મહબૂબે બારી (અલયહિર્રહમા)નો**

# અનમોલ અભિપ્રાય

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**નહમદુહૂ વનુ સલ્લી અલા રસૂલિ હિલ-કરીમ.**

આપ કે પેશે નઝર 'જલ્વ એ હૂદ ' કિતાબ જલ્વાબાર હૈ. જો ઈમામુલ આરિફીન સનદુલકામિલીન હઝરત ખ્વાજા સૈયદ અબુલ બરકાત મખદૂમ શાહ હૂદ ચિશ્તી હુસૈની રહમતુલ્લાહ અલયહ (અલમુત્તફી હિ.૫૩૬) કે હાલાત વ વાકેઆત નીઝ તશર્રુફાત વ કરામાત પર મુસ્તમીલ હૈ ઈસ કિતાબ કે જામેઅ જનાબ મૌલાના સૈયદ દાદામિયાં શમ્સુદીન કાદરી હૈ. આપને યે હાલાત બડી તહેકીક કે સાથ કલમબંધ ફરમાએ હૈ.જીસને ઈસ કિતાબ કે હુસ્ન વ જમાલકો ઔર ઝયાદહ નિખાર દીયા હૈ.

હઝરત ખ્વાજા શાહ હૂદ રહમતુલ્લાહ અલયહ ખ્વાજાએ ખ્વાજગાન હઝરત ખ્વાજા મુઈનુદીન ચિશ્તી ગરીબનવાઝ સુલતાનુલહિન્દ અલયહિર્રહમા કે પર દાદા કે ખુલ્ફાએ અઝીમ મેં સે હૈ.આપકે હાલાત વ વાકેઆત આમ તૌર પર પરદએ અખફામે થે જનાબ મૌલાના સૈયદ દાદામિયાં શમ્સુદીન કાદરી સાહબને ઉર્દૂ-ફારસીકી મુતફર્રિક કિતાબોં સે આપકે હાલાત જમા કરકે ઈસકો ગુજરાતી જબાનકા જામાહ પહેનાયા હૈ જો એક અઝીમ કામ હૈ.

આજ જબકે વહાબીયત હર જગહ સુન્નીયતકી જડે ખોખલી કરને પર તુલી હુઈ હૈ જરૂરત ઈસ બાત કી હૈ ઔલિયાએ કામિલીન કે મુસ્તનદ તઝકેરે મુરત્તબ કિએ જાએ જીસકે બ ઝરીએ આનેવાલી નસલોં કે સીનોંમેં ઈમાની નૂર, ઈરફાની શઉર બેદાર હોં, નવ જવાન સહીહ માનોંમેં અપને અસ્લાફકી સીરતોં કે આયેનાદાર હોં.

મેરી દુઆ હૈ કે મૌલાએ કરીમ અપને પ્યારે હબીબ હુઝૂર અહમદે મુજબતા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમકે સદકે મૌલાના સૈયદ દાદામિયાં કાદરી સાહબ કી ઈસ કિતાબકો મકબૂલે હર ખાસ વ આમ બનાએ ઔર ઈસકે ઝરીએ ઉમ્મતે મર્હુમા કો ખૂબ ખૂબ ફૈઝયાબ ફરમાએ.

**આમીન સુમ્મ આમીન બજાહે હુઝૂર સૈયદુલ મુરસલીન વ આલિહિત્તાહિરીન.**

રસૂલાબાદ, શાહેઆલમ — ૬, શાબાનુલ મોઅઝઝમ હિજરી,૧૪૦૫

દરગાહ શરીફ, અહમદઆબાદ. — ૨૭ એપ્રિલ, ઈ.૧૯૮૫

૭૮૬/૯૨

# ઋણ સ્વીકાર

**નહમદુહૂ વનુ સલ્લી અલા રસૂલિહિલ કરીમ.**

અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી તેના પ્યારા, વ્હાલા, લાડલા, ચહીતા રસૂલ હુઝૂર આ'કા એ દો જહાન અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ના સદકા અને તુફૈલથી કિતાબ "જલ્વ એ હૂદ" ની બીજી આવૃત્તિનું પ્રકાશન થયું. ઈ.સ. ૧૯૮૫માં પ્રથમ આવૃત્તિ વખતે જ કેટલાકનું કહેવું હતું કે આ વિષયમાં વધુ સંશોધન કરી વધુ માહિતી સંપાદન કરી બીજી આવૃત્તિમાં તેનો સમાવેશ કરવો જોઈએ. જે આજે આ બીજી આવૃત્તિમાં આપને જોવા મળશે ઈન્શાઅલ્લાહ.

હઝરત અબુલબરકાત, સિરાજુલહિંદ, ખ્વાજા સુલતાન હૂદ રદિયલ્લાહુ અન્હુના પવિત્ર જીવન વિષે જે સચોટ માહિતી પ્રાપ્ત થઈ છે. તે અને આપની ઔલાદમાં થઈ ગયેલ કેટલાક નામી બુઝુર્ગોની માહિતી અને તેમના મઝારની તસ્વીરો અંહીયા રજૂ કરી છે. આ બુઝુર્ગોની ઝિયારત કરવા ઈચ્છા ધરાવનારાઓને સરળતા રહેશે ઈન્શાઅલ્લાહ.

આ કિતાબમાં જે તસ્વીરો આપવામાં આવી છે તેની ફોટોગ્રાફી કરવા માટે સમય આપનારા જનાબ સહીમભાઈ (સાવન સ્ટુડીયો, કડી) અને જનાબ સૈયદ આમીર કાદરી (રાયખડ) નો ઋણી છું.

બીજી આવૃત્તિ ના પ્રકાશન કાર્યની જવાબદારી સ્વીકારનાર ગુજરાતની ખ્યાતનામ અને ગૌરૂવવંતી કમિટી એટલે સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલ અને તેના પ્રમુખ હાજી મુહમ્મદ સુલેમાનભાઈ ઈસાણી સાહેબ તેમજ જનાબ સૈયદ હાજી મુહમ્મદ મિયાં બાપુ નાગાણી સાહેબ અને કમિટીના તમામ કાર્યકર્તાઓનો આભાર કેમ ભુલાય ?

ખૂબ જ જહેમત ઉપાડીને પોરબંદરના સુન્ની મુસ્લિમ કબ્રસ્તાન જે દરિયા કિનારે આવેલ છે. તેમાં હઝરત શહીદ સૈયદ ગુલામ મુહમ્મદ કાદરી હૂદી રહમતુલ્લાહ અલયહ ના મઝારની સાચી નિશાની શોધી તેના પર નામની તખ્તી લગાવી એક યાદગાર કામ અંજામ આપવા બદલ જનાબ સૈયદ ઈકબાલબાપુ તિરમીઝી સાહેબ (રીયાયર્ડ બેન્ક ઓફીસર) નો આભારી છું.

કલીમ બુક ડીપો અને કલીમ ઓફસેટ પ્રેસવાળા જનાબ શાહિદ કલીમી સાહેબ અને જનાબ મુનીર કલીમી સાહેબ જેમણે બીજી આવૃત્તિના છાપકામ માં અંગત રસ લઈ કિતાબને દરેક રીતે સુંદરતા અર્પી છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર

બીજી આવૃત્તિના પ્રકાશન કાર્યમાં દરેક રીતે મદદ થનાર ભાઈઓનો અને વાંચક મિત્રોનો ઋણ સ્વીકાર કરૂં છું. જઝાકલ્લાહ !

મું. રૂપાલ — લિ. બુઝુર્ગોની ચરણરજ

તા. બાવલા — સૈયદ દાદામિયાં એસ. કાદરી હૂદી હુસૈની

જિ. અહમદાબાદ — તા. ૨૭/૪/૨૦૧૦

# અર્પણ

મારા

વાલિદ અને પીર

**સૈયદ શમ્સુદ્દીન કાદરી**

અને વાલિદા

**સૈયદહ તમીઝુન્નીશાંને**

સવિનય.

-સંપાદક

## શઆઈરલ્લાહ

**'મંય યુઅઝ્ઝિમ શઆઈરલ્લાહિ ફઈન્નહા મિન તક વલ કુલૂબ**

(સૂરએ હજ પારા ૧૭, આયત-૩૨)

અર્થ : **જે અલ્લાહની નિશાનીઓની તાઝીમ કરે તો એ દિલોની પરહેઝગારીમાંથી (તક્વા) છે.**

અલ્લાહની કિતાબ કુર્આનેપાકની ઉપરોકત આયતથી સ્પષ્ટ સાબિત થાય છે કે અલ્લાહ તઆલાની જે નિશાનીઓ છે તેનું સન્માન કરવું એ ખરેખર હૃદયની પરહેઝગારી, (તકવા) સંયમ પ્રાપ્ત કરવું છે.

**સૂરએ હજ્**ની આ આયતની તફસીરમાં અલ્લાહની નિશાની કુરબાનીના જાનવરો બતાવ્યા છે. જે જાનવર અલ્લાહના નામ પર તેની પ્રસન્નતા મેળવવા માટે કુરબાન કરવામાં આવે તે જાનવરો પણ અલ્લાહની નિશાની બની જાય છે.

**સૂરએ બકરહ**માં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, **સફા અને મરવા પણ અલ્લાહની નિશાનીઓમાંથી છે.** સફા અને મરવા મક્કા શરીફમાં આવેલ બે નાની પહાડીઓના નામ છે. જેના દરમિયાન સાત ચક્કર લગાવવાને સઈ કહેવામાં આવે છે અને એ હજ અને ઉમરાહનો એક અરકાન છે.

જો અલ્લાહની રઝામંદી માટે કુરબાન કરવામાં આવતાં જાનવર અને અલ્લાહની રઝામંદી મેળવવા માટે જેના પર દોડવામાં આવે તે પથ્થરની પહાડીઓ અલ્લાહની નિશાનીઓ બની જાય તો જે ધરતી પર અલ્લાહના નબી અને વલી આરામ ફરમાવતા હોય તે પવિત્ર ધરતી કેમ અલ્લાહની નિશાનીનો મકામ હાસિલ ન કરી શકે. બેશક ઔલિયા અલ્લાહના મઝારો પણ પણ અલ્લાહની નિશાનીઓ છે, અને તેની તાઝીમ કરવી એ કલ્બ (હૃદય)નો તકવા પ્રાપ્ત કરવા સમાન છે. જે વાત કુર્આનેપાકની ઉપરોકત

આયતે કરીમાથી સાબિત થઈ ગઈ છે.

એક બાબત ચોક્કસ થઈ ગઈ છે કે અલ્લાહવાળા તો અલ્લાહવાળા હોય જ છે પણ જેનો સંબંધ અલ્લાહવાળાઓથી હોય છે તે તમામ વસ્તુઓ પણ અલ્લાહવાળી જ બની જાય છે.

**સૂરએ બકરહ**માં અલ્લાહતઆલાનો ઈરશાદ છે. **મકામે ઇબ્રાહીમ પાસે નમાઝ પઢો.** આ મકામે ઈબ્રાહીમ શું છે ? તો જાણી લો મકામે ઈબ્રાહીમ એક પથ્થર છે. જે પથ્થર પર હઝરત સૈયદના ઈબ્રાહીમ અલૈહિસ્સલામ ઊભા રહીને કાબાશરીફનું ચણતર કામ કરી રહ્યા હતા. અલ્લાહતઆલાના ઘરનું ચણતર કામ કરાવનારને અલ્લાહને મહાન મર્તબો એટલે પયગમ્બરી અતા કરી જ છે અને ખલીલુલ્લાહનો લકબ પણ અર્પણ કર્યો જ છે, જે સૌ જાણે છે. પણ જુઓ જે પથ્થર પર હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામ ઊભા હતા જે પથ્થર પર આપના કદમના નિશાન અંકિત થઈ ગયા જે આજે હજારો વર્ષ પછી પણ સહી સલામત છે. તે અલ્લાહ તઆલાના નજીક અલ્લાહવાળો બની ગયો કે, દરેક તવાફ કરનાર બંદો બંદી તવાફથી ફારિગ થાય તો આ પથ્થર (મકામે ઈબ્રાહીમ)ની નજીક નમાઝ અદા કરે છે. નબીના કદમના નિશાનીવાળો પથ્થર આ મર્તબો-માન અને ઈઝઝત ધરાવતો હોય તો પછી જે જગ્યાએ નબી કે વલીની કબર મૌજૂદ હોય તે કેમ અલ્લાહની નિશાની ન બને ?!!

નિઃશંક અલ્લાહવાળાઓના મઝારશરીફ એટલે કે તેમની દરગાહો પણ અલ્લાહની નિશાનીઓમાંથી જ છે અને જે તેમની તાઝીમ (અદબ, માન) કરે છે તે ખરેખર હૃદયની શુદ્ધતા પ્રાપ્ત કરે છે. મુત્તકી બને છે, અલ્લાહ તઆલાની નિશાનીઓની જાળવણી કરવી એ પણ અલ્લાહ તઆલા નજીક ઘણું જ નેક કાર્ય છે.

**ન ફુલ દેખો ન ખાર દેખો, ન ગુલશનોકી બહાર દેખો**
**નિગાહો દિલકો ચમક મિલેગી, તુમ ઔલિયા કે મઝાર દેખો**

# શાને ઔલિયા

- ‘તમને ખબર છે જન્નત (સ્વર્ગ)ની ચાવી શું છે ? અલ્લાહવાળા (ઔલિયા અલ્લાહ) લોકોની મુહબ્બત જન્નતની ચાવી છે. અલ્લાહવાળાઓની દુશ્મની લા'નતનું કારણ છે.’

\- **હઝરત ફરીદુદ્દીન અત્તાર રહમતુલ્લાહ અલયહ**

- ‘ઔલિયા અલ્લાહ જ પૃથ્વી પર વસનારા માટે શાંતિ અને સમૃદ્ધિના પ્રતિક અને નિમિત્ત છે. એમની વાણી જનતા માટે ઔષધિ અને એમની નઝર લોકો માટે શિફા (તંદુરસ્તી) છે. અલ્લાહવાળા લોકો જ અલ્લાહના સહચરો છે. જે લોકો અલ્લાહવાળાના સહચરો છે તે દુર્ભાગી હોઈ શકતા નથી. જે લોકો ઔલિયા અલ્લાહના મિત્રો છે. તેઓ કદાપી અલ્લાહતઆલાની રહમતથી વંચિત રહેતા નથી.’

\- **હઝરત મુજદ્દીદે અલ્ફેસાની રહમતુલ્લાહ અલયહ**

- ‘થોડીક ક્ષણો ઔલિયા અલ્લાહની સોહબત (સંગત)માં બેસવું સો વર્ષની નિઃસ્વાર્થ ઈબાદત કરતાં શ્રેષ્ઠ છે.’

\- **હઝરત જલાલુદ્દીન રૂમી રહમતુલ્લાહઅલયહ**

૭૮૬/૯૨

અબુલ બરકાત

સિરાજુલ હિન્દ, કુતુબુલ અકતાબ,

શેરે સાની

તારીકુસ્સલ્તનત, શમ્એ બઝમે રસૂલ, કિદવતુલ મુહક્કિકીન, તાજદારે અસ્ફિયા, શહરયારે બઝમે સૂફીયા, ઈમામુલ આરિફીન, સનદુલ કામિલીન, હાદીએ રાહે હિદાયત, સાહિબે જાહો જલાલત, મહદીએ રાહે યકીન, ઇમામુલ આશિકીન, કિદવતુલ વાસિલીન

મુબલ્લિગે આઝમ

હઝરત ખ્વાજા સુલ્તાન

# સૈયદ શાહ હાજી હૂદ

અલ બાકરી, અસ્સમરકંદી, અલ ખનફૂરી

અલ કરની વલ ચિશ્તી

રદિયલ્લાહુ અન્હુની

જીવન ઝરમર

# જલ્વ-એ-હૂદ

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

### શાને હૂદ

બઅદ અઝ આં અઝ હુકમે અહમદ શૂએ હિન્દુસ્તાં શુદહ
દીન રા નુશરત બહ દા દહ નૂરે આલમ શાહ હૂદ
શુદ મુસલમાની બિના અઝ ઝાતે પાકશ દર પટન
દીને અહમદ ગશ્તા રૌશન બદરે આલમશાહ હૂદ.

-હઝરત હાજી હુસૈન

### અર્થાત્ :-

હુઝૂરે અકરમ તાજદારે મદીના હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના હુકમથી જગતને પ્રકાશ આપનારા હઝરત હૂદ હિન્દુસ્તાનમાં પધાર્યા અને દીન (મઝહબ)ને વિજયી બનાવ્યો. ઈસ્લામની બુનિયાદ આપની ઝાતથી પાટણમાં મુકાઈ અને ચૌદમી રાતના ચંદ્ર જેવા તેજસ્વી હઝરત હૂદે રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના પવિત્ર દીનને રૌશન કર્યો.

પત્થરોંકે સામને દુનિયા, જલાતીથી ચિરાગ,
કૌન ફેલાએ દિલોમેં, રોશની તેરે બગૈર

માનવીના કલ્યાણાર્થે અલ્લાહ તબારક વ તઆલા એ માનવ સમાજમાંથી જ એક એવી વ્યક્તિને મોકલતો જે ઈન્સાનોને અલ્લાહના હુકમો સંભળાવે, પોતે અલ્લાહ તઆલાના તરફથી તેના પૈગમ્બર બનીને આવ્યા છે, એટલે તૌહિદ અને રિસાલતની રજૂઆત કરવામાં આવતી, આ પૈગમ્બરો ઈન્સાનને સીધો માર્ગ બતાવતા, જીવન અને મૃત્યુનો મર્મ સમજાવતા, મર્યા પછીની ઝિંદગી (આખિરત) મહત્ત્વની બાબત છે, તેનો ખ્યાલ આપતા, એક અલ્લાહની ઈબાદત અને સતકર્મો (અમલે સાલિહા) કરવા પોતે અમલ કરીને લોકોને તે પ્રમાણેનું જીવન જીવવા આદેશ આપતા.

આ સિલસિલો હઝરત સૈયદના આદમ અલૈહિસ્સલામથી લઈને અંતિમ નબી હુઝૂર રહમતલલિલ આલમીન અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સુધી ચાલતો રહ્યો.

અલ્લાહના આખરી નબી અમારા આ'કા અને મૌલા બંને જહાનના સરદાર મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર અલ્લાહ તઆલાએ નબૂવ્વત, રિસાલત અને પયગમ્બરીનો સિલસિલો પૂર્ણ કરી દીધો, આપ અલ્લાહના આખરી નબી બનીને આવ્યા છે, હવે કયામત સુધી કોઈ નબી આવવાનો નથી અને જે કોઈ આપના પછી નબી કે રસૂલ કે પયગમ્બરનો દાવો કરશે તે જૂઠો છે. દજ્જાલ છે.

પયગમ્બરીનો સિલસિલો પૂર્ણ થઈ જતાં એક સવાલ ઊભો થયો કે માનવજાતિને સીધા માર્ગે દોરવા માટે કયામત સુધી હિદાયતનો માર્ગ બતાવવા હાદી તરીકેની ફરજ કોણ બજાવશે ? આ સવાલના જવાબમાં અલ્લાહ તઆલાએ વિલાયતનો સિલસિલો કયામત સુધી જારી રાખ્યો. મતલબ કે લોકોને માર્ગદર્શન આપવાની જવાબદારી ખુદાએ તેના પ્યારા વલીઓને (દોસ્તોને) સુપરદ કરી છે. દરેક વલી પ્રથમ આલિમ હોય છે. કોઈ જાહિલ વલી થઈ શકતો નથી. ઈલ્મ એક નૂર છે. તેની રૌશની (પ્રકાશ)માં જ માણસ મઅરિફતનો માર્ગ શોધી શકે છે. દરેક વલી આલિમ હોય છે અને તેમની પાસે અંબિયાઓનો વારસો હોય છે. એટલા માટે જ ઉલ્માઓને વારિષુલ અંબિયા કહેવામાં આવે છે. હદીસશરીફમાં છે કે- વ **ઇન્નલ ઉલ્માઅ વરષતુલ અંબિયા ઈ વ ઈન્નલ અંબિયાઅ લમ યુરિસૂ દિનારંવ વલા દિરહમંવ ઇનનમા વરિષુલ ઈલ્મ ફમન અખઝહૂ અખઝ બિહઝ્ઝિલ વાફિરીન.**

(અહમદ, તિરમિઝી, અબૂદાઊદ, ઈબ્ને માજા દારમી)

**અર્થાતઃ- (ઉલ્મા અંબિયાઓના વારિષ છે અને અંબિયાઓથી દિનાર અને દિરહમનો વારષો પહોંચતો નથી પરંતુ તેમના વારષામાં જ્ઞાન (ઇલ્મ) પ્રાપ્ત થાય છે. બસ જેણે તેમનાથી ઈલ્મ મેળવ્યો તેણે જ સાચો હક મેળવ્યો.)**

આમ હાદી તરીકેની કામગીરી વલીઅલ્લાહને સોંપવામાં આવી. જુદા જુદા કાળે, જુદા જુદા સ્થળે અલ્લાહ તઆલાએ દીને હનીફના તબ્લિગ માટે તેના મહબૂબ બંદાઓની નિમણૂક કરી. આ કાર્ય માટે મુખ્ય કાર્યાલય (હેડ ઓફિસ) મદીનાએ મુનવ્વરા રાખવામાં આવ્યું અને સબ્ઝ ગુંબદના નીચે આરામ ફરમાવનારા સમગ્ર સૃષ્ટિ માટે દયાના સાગર સરદારોના

સરદાર હુઝૂર પુરનૂર હાદીએ બરહક્ક હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ આ તમામ રૂહાની માર્ગદર્શકોના પેશવા છે, અહીંથી આદેશ મળે છે અને અલ્લાહના નેક બંદાઓ દીનની ખાતિર પોતાના ઘર-બાર, બીબી-બચ્ચાં, ખેતી-વાડી, નોકરી-ધંધો, સગા-વહાલાં, માલ-મિલકત, હુકૂમત વગેરેનો ત્યાગ કરીને હુકમ મળતાની સાથે જ જે તે સ્થળ પર પહોંચી જઈને દીને ઈસ્લામની તબ્લિગ કરવા લાગ્યા.

ઉર્દૂમાં 'નહેરવાલા' તરીકે પ્રખ્યાત ગુજરાતના પુરાણા પાટનગર અણહિલવાડ-પાટણે અનેક ઔલિયાઅલ્લાહના મુબારક કદમો ચુમીને પીરાન પટ્ટનનો મોટો મર્તબો હાસિલ કર્યો છે. આ પીરાનપટ્ટન (નહેરવાલા) પાટણમાં જેટલા ઔલિયાએ કિરામ તશરીફ લાવ્યા છે, તેમાં સૌ પ્રથમ પાટણમાં ઈસ્લામનો પરચમ લહેરાવનાર મૂર્તિપૂજા કુફ્ર અને શિર્કની જહન્નમી ખાઈમાંથી લોકોને બહાર કાઢી, તૌહિદ અને રિસાલતના નારાને બુલંદ કરનાર, જિહાલતના ઘોર અંધકાર ભર્યા મુલકમાં ઈલ્મની રૌશની ફેલાવનાર, મહાન મુબલ્લિગે ઈસ્લામ, અબુલ બરકાત, સિરાજુલહિંદ હઝરત સુલ્તાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ ગુજરાતની જૂની રાજધાની પાટણમાં તશરીફ લાવ્યા અને ગુજરાતને ઈસ્લામના નૂરથી પ્રકાશિત કર્યો.

**'શુદ મુસલમાની બિના અઝ ઝાતે પાકશ દર પટન**
**દીને અહમદ ગશ્તા રૌશન બદરે આલમ શાહ હૂદ,**
**સાલ તારીખશ ચલૂહુશ્શમ્સ ગુફતા હાતોફી**
**શુદ ઈકામત દર હમાં જા બારે આલમ શાહ હૂદ.'**

## જન્મ, વતન અને ખાનદાન'

કુતુબુલ અકતાબ, અબુલ બરકાત, સુલ્તાને ગુજરાત, સિરાજુલહિંદ, અલબાકરી, અસ્સમરકંદી, અલખનફૂરી, અલકરની, વલ ચિશ્તી હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુનો જન્મ હિજરી સન ૪૧૬ (ઈ.સ.૧૦૨૫) સિરિયામાં દમિશ્ક નજીક ખનફૂર નામે કશ્બામાં થયો હતો.

આપની પયદાઈશ (જન્મ) અગાઉ આપના વાલિદ (પિતા)ને રસૂલેખુદા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે બશારત આપી હતી કે આપને ત્યાં એક મહાન કામિલ વલી પૈદા થશે અને તે ફરઝંદનું નામ **'હૂદ'** રાખજો, હુઝૂરના ફરમાન મુજબ આપનું નામ **'હૂદ'** રાખવામાં આવ્યું. (તારીખે સૂફીયા એ ગુજરાત ૧૬૮)

આપના વાલિદ સાહેબનું નામ હઝરત સૈયદ અવ્વાના હતું. આપનો લકબ સુબહાની અબ્દુલ્લાહ સબ્બોહી હતો.

આપની પયદાઈશ (જન્મ)ની હિજરી સન **વલીયુલ્લાહ શુદ** (૪૧૬)થી સાબિત થાય છે.

**'સાલે મીલાદ શરીફઆં બુઝુર્ગ આલે રસૂલ,**
**અઝ ખુદં દર ખ્વાહસતમ ગુફ્ત વલીયુલ્લાહ શૂદ'**

## શજરએ નસબ (પેઢીનામું)

હઝરત સુલ્તાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુનો શજર એ નસબ હઝરત સૈયદુશ્શુહદા ઈમામ હુસૈન શહીદે કરબલા રદિયલ્લાહુ અન્હુને જઈને મળે છે. જે આ પ્રમાણે છે. હઝરત સૈયદ હાજી હૂદ બિન સુલતાન સૈયદ અવ્વાના બિન સુલતાન સૈયદ ઝહીર બિન સુલતાન સૈયદ ફરૂવ્વા બિન સુલતાન સૈયદ અજરા બિન સુલતાન સૈયદ સુફિયાન બિન સુલતાન સૈયદ જઅદ બિન સુલતાન સૈયદ રબીઆ બિન સુલતાન સૈયદ જલાલુદ્દીન મુહમ્મદ મીર તલહા બિન સુલતાન સૈયદ સદાદ બિન સુલતાન સૈયદ સલીમ બિન સુલતાન સૈયદ સાબિત મુહમ્મદ અબ્દુલ્લાહ ઉર્ફ ઉબેદુલ્લાહ (આપની અમ્માનું નામ બીબી ઉમ્મે હકીમા હતું) બિન ઈમામ મુહમ્મદ બાકિર બિન ઈમામ ઝયનુલ આબિદીન બિન ઈમામે આલી મકામ શહીદે આઝમ હુસૈન બિન મૌલાએ કાઈનાત શેરેખુદા હઝરત અલી (કરમલ્લાહો તઆલા વજહુલ કરીમ)

(હવાલા, તવારિખુલ અવલિયા ભાગ-૨,-૧૪૭, તારીખ સૂફિયાએ ગુજરાત પા.૧૬૮ અને ગુલશને હૂદ)

## તાલીમ (શિક્ષણ)

હઝરત હૂદ રદિયલ્લાહુ અન્હુ બાળપણમાં પણ ખેલકૂદથી દૂર રહ્યા છે. પોતાના વતન ખનફૂરમાં જ તાલીમ મેળવી ૧૪ વર્ષની નાની વયે, કુર્આને પાકને હિફઝ (કંઠસ્થ) કરી લીધું, ઈલ્મે હદીષ, ઈલ્મે ફિકહ, ઈલ્મે તફસીર, સર્ફ નહવ (વ્યાકરણ) અદબ દરેક પર પ્રવિણતા મેળવી મહાન મુહદ્દિષ અને મુફસ્સિર, કિરઅતના તમામ કાનૂન શીખીને ઉચ્ચ કોટીના 'કારી' બની ગયા.

જાહેર શિક્ષણ પૂરૂં થતાની સાથે જ તરત જ સમરકંદની રાજગાદી પર બેસવાનો વખત આવ્યો. હિજરી સન ૪૩૦ ઈ.સ.૧૦૩૯માં આપે બાદશાહત સ્વીકારી અને સુલતાન બન્યા.

નાની ઉંમરે હુકૂમતની જવાબદારી આપ એક મહાન રાજનીતિજ્ઞની જેમ સંભાળતા રહ્યા. ખૂબજ હોંશિયારી અને બાહોશીથી રાજ્યનું સુકાન કબઝે રાખી લોકપ્રિયતા હાંસિલ કરી રાજગાદીની જવાબદારી હોવા છતાં આપ વધુ સમય ઈબાદતમાં ફાળવતા રહ્યા

## તર્કે સલ્તનત (રાજગાદીનો ત્યાગ)

હિ.સ.૪૪૪, ઈ.સ.૧૦૫૨માં જ્યારે આપની ઉંમર ૨૮ વર્ષની થઈ ત્યારે આકાએ દો જહાં સરવરે અંબિયા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે બશારત (દિવ્ય આદેશ) આપીને હુકમ ફરમાવ્યો કે, **'આ દુનિયાવી સલ્તનત (રાજગાદી)ને છોડી દો. અમો તમને બાતિની હુકૂમત અર્પણ કરીએ છીએ.'** નબવી ફરમાનને તરત જ માથે ચઢાવી, રાજમહેલ, રાજમુગટ અને રાજગાદીનો ત્યાગ કરી ફકીરી ધારણ કરે છે. એક સુલતાન સલ્તનતનો ત્યાગ કરી સૂફી બની મહાન ત્યાગી પુરૂષનો બિરૂદ હાંસિલ કરે છે. આપનું આ પગલું આપની પ્રજાને જરાય પસંદ ન હતું. કારણ કે આપની હુકૂમતમાં લોકોને સુકૂન પ્રાપ્ત થયું હતું. રાજપાટ છોડીને આપ હજના ઈરાદાથી મક્કાએ મોઅઝઝમા જવાની તૈયારી કરે છે.

## ૩૯ વખત હજની અદાયગી

જ્યારે આપ દુનિયાવી મોહ-માયાથી મુખ ફેરવી લે છે ત્યારે આપની હુકૂમત વખતના વજીર અને ખાસ મિત્ર એવા હાજી હુસૈન અને રૂમ તેમજ શામ (સિરીયા)ના શાહઝાદાઓ (રાજકુમારો) પણ આપના પગલે પગલે રાજ્ય કારભાર છોડી આપની સાથે મક્કાએ મોઅઝઝમાના સફરમાં સાથી બને છે. કુલ ૫૦૦થી વધુ અરબી અને અજમી સવારોનો કાફલો આપની સાથે હોય છે. પીરનામા (કલમી) કિતાબના કથન અનુસાર આપ ૩૬ વર્ષ મક્કા શરીફમાં રહી ૩૬ હજ અદા કરે છે. આપે હિ.સ.૪૪૪ ઈ.સ.૧૦૫૨માં રાજગાદી ત્યાગી મક્કા શરીફ ચાલ્યા ગયા અને આપનું પાટણ (પીરાનપટ્ટન)માં આગમન હિ.સ.૪૮૫ ઈ.સ.૧૦૯૨માં થયું. આ

બંને તારીખો વચ્ચે ૪૧ વર્ષનો ગાળો રહે છે. આ સમય દરમિયાન આપ ૩૬ વર્ષ મક્કા રહ્યા હોય અને ૩૬ વખત હજ અદા કરી હોવાની હકીકત સાચી સાબિત થાય છે.

**'છત્તીસ બરસોં તક રહે મક્કા મુબારક જાનીયો,**
**કીતી હજાં છત્તીસવાં તહકીક કર તુમ માનીયો.'**

(હવાલા પીરનામા)

## મકામે મહબૂબિયતનું પ્રાપ્ત થવું

મક્કાએ મોઅઝ્ઝમાથી આપ સરકારે મદીના હુઝૂર પુરનૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના મઝારે અકદસની ઝિયારત અર્થે મદીનાએ મુનવ્વરા તશરીફ લાવે છે. રાત-દિવસ ઈશ્કે ઈલાહી અને ઈશ્કે રસૂલમાં ઈબાદત અને રિયાઝત સાથે પસાર થઈ રહ્યા છે. એક દિવસ સરકારે દો આલમ તાજદારે અંબિયા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના રોઝા પાસે બે ખુદીના આલમમાં રડી રડીને દુરૂદો સલામ પેશ કરી રહ્યા હતા. અચાનક આપની જબાનથી એક ચીસ નીકળે છે. આપ એકદમ પોકારી ઉઠે છે. **'યા જદદી'** ! (હે ! નાનાજાન) તો એક જ વખતે મઝાર શરીફમાંથી જવાબ મળે છે. **'યા વલદી'** ! (હે ! ફરઝંદ) ઘણી જ જૂની કિતાબ કિતાબ **'મુકાશિફાતે મુહમ્મદિયા'** માં આ બનાવનું વર્ણન જોવા મળે છે અને બારગાહે રિસાલતમાંથી હિંદુસ્તાન જઈ દીને ઈસ્લામની તબ્લિગ કરવાનો આદેશ પણ આપવામાં આવે છે.

નબવી ફરમાન મળતાની સાથે જ આપ સમરકંદ તશરીફ લાવે છે અને ભારત આવવા માટેના પ્રવાસની તૈયારી કરવા લાગે છે સફરનો સામાન અને સવારીઓની સગવડ ઉભી કરે છે. સમરકંદથી પ્રથમ આપ ચિશ્ત આવે છે. આ સમયે ચિશ્ત રૂહાનિયત(આધ્યાત્મિક) તાલીમ કેન્દ્ર હતું. આપ હઝરત ખ્વાજા અબૂ યૂસુફ નાસીરૂદ્દીન ચિશ્તી રદિયલ્લાહુ અન્હુની ખાનકાહમાં મુકામ કરે છે. આપનો તકવા પરહેઝગારી, ઝિક્ર જોઈને હઝરત ખ્વાજા અબૂ યૂસુફ રદિયલ્લાહુ અન્હુ તેમને પોતાની ઈરાદતમાં લઈ લે છે. એટલે આપ મુરીદ બને છે. ઘણો સમય પીરો-મુરશિદની ખિદમત કરે છે, ઈબાદત, રિયાઝત અને મુજાહિદાના ઝિંદગી પસાર થાય છે. ધીમે ધીમે પીરની તાલીમ અને તરબિયત તળે રૂહાની મકામાત પર તરક્કી કરતા રહે

છે. ઈલ્મે લદુન્ની આપ પર રૌશન થઈ જાય છે. આપની ઝાત હવે બરકતવંત અને ફૈઝ બક્ષ બની જતા પીરની તરફથી આપને **અબુલ બરકાત**, **કુતુબુલ અકતાબ** અને **શેરેસાની**ના મુમતાઝ લકબ અર્પણ થાય છે.

હઝરત ખ્વાજા ખિઝર અલૈહિસ્સલામથી પણ આપને સોહબતે સાદેકાં હાંસિલ હતી. ઈલ્મે લદુન્ની અને અસરારે રબ્બાની આપ ઉપર જાહેર થઈ ચૂક્યા હતા. કૌમે પરીઝાદ અને કૌમે જીન્નાતમાંથી અસંખ્ય પ્રમાણમાં આપના મુરીદ હતા. રાત-દિવસ આપની ખિદમતમાં રહેતા હતા. કૌમે અજનાહમાંથી બે જીન્નાત આપના ખલીફા હતા.

એક દિવસ હઝરત ખ્વાજા અબૂ યૂસુફ નાસીરૂદ્દીન ચિશ્તી રદિયલ્લાહુ અન્હુએ ફરમાવ્યું, 'અય હૂદ અમોએ તમારી ઝાતને બરકતવાળી બનાવી. તમારા પર દરેક રાઝ અને ભેદ હવે ખુલ્લા થઈ ગયા છે. તમો હિન્દુસ્તાનના નહરવાલા (પાટણ) જાવ અને લોકોને સિરાતેમુસ્તકીમ બતાવો.' પીરો મુરશિદનો હુકમ મળતાની સાથે જ આપ પોતાના સાથીઓ, કુટુંબીજનો, મુરીદો, રૂમ અને શામના શાહજાદાઓ (રાજકુમારો) અને વઝીર હાજી હુસૈન મળી કુલ ૨૦૦ માણસોના કાફલા સાથે જમીન માર્ગે હિ.સ.૪૮૫ ઈ.સ.૧૦૯૨માં રાજા કરણદેવ સોલંકીના રાજ્યકાળમાં આપ ગુજરાતની રાજધાની અણહીલવાડ પાટણ (પીરાન પટ્ટન નહરવાલા) તશરીફ લાવે છે.

હઝરત અબુલ બરકાત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની પાટણમાં પધરામણીની તારીખ આ શે'ર પરથી નીકળે છે.

(૧) **'સાલ તારીખશ ચલૂહુશ્શમ્સ ગુફ્તા હાતેફી,**
**શુદ ઈકામત દર હમાં જા બારે આલમ શાહ હૂદ.'**

(૨) **'ચેહ તશરીફ આન સેહ ખ્વાહસ્તમ સાલ,**
**ખિરદ મારા ચલૂહુશમ્સ ફરમૂદ.'**

(ચલૂહુશ્શમ્સ-૪૮૫)

જ્યારે આપ એટલે હઝરત હૂદ રદિયલ્લાહુ અન્હુ પાટણ પધાર્યા ત્યારે આપની ઉંમર ૬૯ વર્ષની હતી. આપે એક ખુલ્લા મેદાનમાં પડાવ નાખ્યો.આપ મેદાનની સામે જ એક વિશાળ અને સમૃદ્ધ મંદિર હતું જેમાં અઢળક સોનું, ચાંદી અને જવાહરાતથી મઢેલી મૂર્તિઓ હતી. આ મંદિરની રક્ષા કાજે મંદિરના વહીવટકર્તાઓએ એક સિંહ પાળેલો હતો જે સાંજે એટલે

અસર બાદ છુટ્ટો મૂકી દેવાતો હતો. જો કોઈ અજાણી વ્યક્તિ મંદિર પાસે આવે તો તેને તે ફાડી ખાતો હતો. ગામ લોકોની જાણ માટે સિંહને છુટો મુકતા પહેલા નગારૂ વગાડીને એલાન કરી દેવાતું જેથી ગામના લોકો મંદિર તરફ જતા ન હતા.

અસરની નમાઝનો સમય થયો. હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ અને આપના સાથીઓએ બાજમાઅત નમાઝ અદા કરી અને નમાઝથી જેવા ફારિગ થયા કે પેલો સિંહ તડાપ મારતો આ સાવ અજાણ્યા લોકો તરફ દોડતો આવ્યો. આપે સાથીઓને કહી દીધું, 'તમો જરા પણ ગભરાશો નહીં, એ તમને છોડીને મારા પર હુમલો કરશે. અને તમે જો જો ઈન્શાઅલ્લાહ. સિંહ માર્યો જશે.' અને બન્યું પણ એવું જ કે, સિંહે આપના પર હુમલો કર્યો અને આપે તે વિકરાળ હિંસક સિંહના બે જડબા પકડી લીધા અને તેને ઉભો ને ઉભો જ ચીરી નાખ્યો! દૂર મંદિરથી તેનો પૂજારી આ દૃશ્ય જોઈને ગભરાઈ ગયો. તેણે ઝિંદગીમાં આવા શક્તિશાળી, કદાવર શરીર, બાહોશ અને ચમકદાર ચહેરાવાળા માણસો જોયા ન હતા.

મંદિરનો રક્ષક સિંહ માર્યો ગયો તેની વાત રાજાના કાન સુધી પૂજારીએ પહોંચાડી અને વધારે એમ પણ કહ્યું કે, આ પરદેશથી આવનારા અજાણ્યા લોકો ઘણા જ બહાદૂર છે. જો તેમને આપણા મુલ્કમાંથી હાંકી કાઢવામાં નહીં આવે તો, તેઓ આપની સત્તા પણ આંચકી શકે છે ! રાજાએ વચન આપ્યું, અમારૂં લશ્કર આવે છે. તે તમામ પરદેશીઓની ધરપકડ કરશે. રાજાનું લશ્કર આવ્યું. જેમ લશ્કરના સિપાહીઓ હઝરત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની નજીક આવતા ગયા. તેમ તેમ તેઓ જમીનની અંદર દબાતા (ખૂંપાતા) ગયા. કોઈ ઢીંચણ સુધી જમીનમાં ગયો, કોઈ સાથળ સુધી, કોઈ છાતી સુધી, તો લશ્કર આ કુદરતી પ્રકોપ જોઈને માફી માંગવા લાગ્યા, કાકલૂદી કરવા લાગ્યા કે, આપ અમારા પર દયા કરો, અમો તમારી પકડ નહીં કરીએ. આ આફતમાંથી અમને ઉગારો અમને ક્ષમા કરો. આપને દયા આવી ગઈ. લશ્કર સમક્ષ આપે કહ્યું, હું તમારી પાસે કંઈ લેવા નથી આવ્યો. પરંતુ હું તો તમને દીન (મઝહબ) અને દુનિયાની ભલાઈનો માર્ગ બતાવવા આવ્યો છું. મારૂં કામ લોકોને એક ખુદાની બંદગી કરવાનો અને તેના અંતિમ નબી હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ

ઉપર ઈમાન લાવવાનો આદેશ આપવાનો છે. આપની વાતથી અને આપના પ્રભાવથી લોકો અંજાઈ ગયા. આપના ચહેરા પરનું નૂર અને આંખોમાં રહેલી તૌહિદ પરસ્તીની રૌશનીથી ગમે તેવો માણસ પણ આપનો શ્રદ્ધાળુ બની જતો. લશ્કરે તૌબા (પશ્ચાતાપ) કરી આપના મઝહબ (ઈસ્લામ)નો અંગિકાર કર્યો કે, તરત જ તેમને જમીનની પકડમાંથી મુક્તિ મળી. આ લશ્કરમાં મોટા ભાગે જે લોકો હતા તે રાજપૂત કૌમના હતા તેમાં કેટલાકની અટકો, ચૌહાણ, રાઠોડ, સોલંકી, વાઘેલા, ચાવડા, પરમાર વગેરે હતી. આજે પણ આપણા ગુજરાતમાં ઘણા મુસલમાનભાઈઓની અટકમાં આવી અટકો જોવા મળે છે. પીરનામા (કલમી)ના લેખક શૈખ ઉમર પટણી લખે છે કે,

**'સબને પળા કલ્મા, કુફ્ર તોળા, હૂવે સબ મુસ્લિમીન**
**ઉન્કો નિકાલે કૈદસે, બુજો તુમી કરકે યકીન**
**હૈ ચાવડે, રાઠોડ, સોલંકી, ચવાન, પઢીઆર જો**
**કંઈ તરહ કી હૈગી સો જાત અસવ રાજપૂત જો.'**

## મુબલ્લિગે આઝમ

હઝરત ખ્વાજા સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની તબ્લિગી સેવા ખુલ્લેઆમ હતી. ગુજરાતમાં રિતસરની ઈસ્લામ પ્રચાર માટે ઝુંબેશ ચલાવનારા ખાસ ચાર બુઝુર્ગોમાં આપનું સ્થાન મોખરાનું છે. અને ઈતિહાસના પાનાઓ ઉપર આ ચાર બુઝુર્ગોની ગણતરી મુબલ્લિગોમાં થાય છે પણ હઝરત હાજી હૂદ બાબા તો મુબલ્લિગે આઝમ સાબિત થયા છે. ઈતિહાસના પુસ્તકોમાં જે ચાર મુબલ્લિગોનું નામ જોવા મળે છે તે આ પ્રમાણે છે.

હઝરત બાબા રયહાન (હિ.સ.૪૩૦ ઈ.સ.૧૦૩૯) સૈયદ શરફુદ્દીન મુહમ્મદ ઉર્ફે પીર ફાલુદા (હિ.સ.૪૨૫, ઈ.સ.૧૦૩૪), પીર શહાબુદ્દીન ઈબ્ને પીર સૈયદ ઝહરૂદ્દીન અને હઝરત સુલ્તાન સૈયદ હાજી હૂદ (હિ.સ.૪૮૫, ઈ.સ.૧૦૯૨)એ ભરૂચ, સુરત, પાટણ અને કાઠિયાવાડમાં અનુક્રમે રિતસરની તબ્લિગી ઝુંબેશ આદરી હતી.

(હવાલા ગુજરાતના રૂહાની ચિરાગ પેજ નં.૮)

તબ્લિગી ખિદમાત મોટી ખિદમત (સેવા) છે. કારણ કે સેંકડો વર્ષથી

એક જ રિતભાત અને માહોલમાં રહેલા માણસને બીજી રિતભાતની તરફ આકર્ષવો એ કોઈ રમત નથી. બાપ દાદા અને સમાજના તૌર તરીકા રિવાજોને છોડી અન્ય રિતભાત સ્વીકારવા માટે ભારોભાર સચ્ચાઈ ઉચ્ચતાની તરફ ઢળવું પડે છે. મુબલ્લિગ માટે આકરી કસોટી બને છે. પોતાના વતનથી હજારો માઈલ દૂર બોલી (ભાષા) બીજી, રિતભાત બીજી, માહોલ બીજો પહેરવેશ વગેરેમાં આભ-જમીનનો ફરક હોય છે, તેવા અજાણ્યા મુલ્કમાં આપણો અકીદો અને સંસ્કારનો ફેલાવો કરવો ખૂબ અઘરૂં કાર્ય છે. પણ જેમણે આ મહાન ખિદમત અંજામ આપવા પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું હોય તેને માટે ખુદાની જાત પર ભરોસો અને રસૂલેપાક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સાચી મુહબ્બત ગમે તેવા અઘરા કાર્યને આસાન બનાવી દે છે. આ વિકટ માર્ગમાં જે મુશ્કેલીઓ સામે આવી તે તમામ તકલીફો અને મુસીબતોને, હઝરત સુલ્તાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ હસ્તા મોંએ સહન કરતા રહ્યા, અને પોતાના ઉચ્ચ સંસ્કારોથી, આદર્શ રિતભાતથી, પ્રેમ અને ભાઈચારાના હથિયારથી લોકોના દિલો ઉપર જગા જમાવી દીધી. પરદેશથી આવેલા એક મુસ્લિમ મહાપુરૂષની બોલબાલા થઈ ગઈ. જે એકવાર આપની મુલાકાતે જતો તે આપનો ચાહક બની જતો. એ કમાલ હતો, આપની વાણી ચાતુર્યનો એક ખુદાની બંદગી અને ખિદમતે ખલ્ક (માનવસેવા)ના આદર્શો લોકોના ગળે ઉતરવા લાગ્યા. ધીમે ધીમે મૂર્તિપૂજાથી સમજદાર માણસો દૂર ભાગ્યા અને ઈમાન લાવી કલ્મો પઢી હજારો મુશરિકોએ આપના હાથ પર ઈસ્લામ અંગીકાર કર્યો અને આપ પોતાના અસલી મકસદ (ધ્યેય)માં કામયાબ (સફળ) સાબિત થયા.

કેટલાક ઈર્ષાળુઓની બૂમરાણ એવી છે કે ઈસ્લામ તલવારથી ફેલાયો છે જે ખરેખર એક તદન ખોટી, ઉપજાવી કાઢેલી બાબત છે. ઈસ્લામ સૂફીઓ અને વલીઅલ્લાહના ઉચ્ચ સંસ્કાર અને આદર્શ જીવન પદ્ધતિથી ફેલાયો છે. જે ઈતિહાસનો અભ્યાસ કરવાથી જોવા મળે છે.

**'રાસ્તા કી તેગ થી, જો થી ઉન્કે પાસ,**
**ખંજરે આહન નહીં, વોહ ખંજરે અખ્લાક થા.**

## સિપાહી સમાજના સ્થાપક

ગુજરાતમાં ખાસ કરીને સુન્ની મુસ્લિમ સિપાહી સમાજમાં આજે પણ એવી અટકો જોવા મળે છે કે રાજપૂત સમાજની હતી. જેઓ મુબલ્લિગે આઝમ સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુના મુબારક હાથો પર ઈસ્લામ કબૂલ કર્યું અને મુસલમાન બન્યા તેમની અટકો હજુ પણ એવી જ છે અને આ વાતને સમર્થન આપતો એક લેખ ભાવનગરથી પ્રસિદ્ધ થતું માસિક પેપર 'સિપાહી પયગામ'ના તા.૧૦-૧૦-૨૦૦૪ના અંકના પેજ નં.૫ ઉપરનો લેખ જુઓ.

**ગુજરાતના રૂહાની ચિરાગ અને સિપાહી સમાજની સ્થાપના કરનારા પૈકી**

## હઝરત સુલ્તાન સૈયદ હાજી હૂદ (ર.અ.) (પાટણ ઉ.ગુજરાત)

**જન્મ હિજરી : ૪૧૬ ઈ.સ.૧૦૨૫ ● વફાત : ૧૫ રજબ હિજરી ૫૩૬ ઈ.સ.૧૧૪૧**

ગુજરાતમાં ઈસ્લામ ધર્મના પ્રચાર અને પ્રસારની ઝુંબેશને રિતસરનું સ્વરૂપ આપનાર બુઝુર્ગોમાં આપ સૌપ્રથમ સ્થાને છે. નીચેના બુઝુર્ગોએ ભરૂચ, સુરત, પાટણ અને કાઠિયાવાડમાં રિતસરની ઈસ્લામની તબલીગી ઝુંબેશ આદરી હતી.

૧. હઝરત સૈયદ સરફુદીન મોહંમદ ઉર્ફે પીરફાલુદા (હિજરી ૪૨૫)
૨. હઝરત/બાબા/રયહાન (હિજરી ૪૩૦)
૩. પીર શહાબુદ્દીન ઈબ્ને પીર સૈયદ ઝહીરૂદીન (હિજરી ૪૮૫)
૪. હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ (હિજરી-૪૮૫)

**'પીરનામા'માં લેખક કહે છે કેઃ**

**'સબને પડા કલ્મા, કુફર તોડા, હુવે સબ મુસ્લમીન**
**ઉનકું નિકાલે કૈદસે, બુજ્ઞે તુમી કર કર યકીન,**
**હૈ ચાવડે, રાઠોડ, સોલંકી, ચવાન, પઢીયાર જો**
**કઈ તરહી હૈ ગીસો જાતી હૈ અસવ રજપૂત જો'**

હિજરી ૪૮૫માં મધ્ય એશિયાના સમરકંદ બુખારાના બાદશાહ સુલતાન હૂદ (ર.અ.) પયગમ્બર સાહેબની બશારત પ્રમાણે ઈસ્લામના પ્રચાર-પ્રસાર

અર્થે પોતાની સલ્તનતનો ત્યાગ કરી ગુજરાત આવેલ. જયાં તે વખતે રજપૂતોના સોલંકી સામ્રાજય હતું અને સિદ્ધરાજ જયસિંહ સોલંકી રાજા હતો. રાજધાની અણહીલવાડ-નહરવાલા પાટન-પાક પટન એટલે કે હાલનું ઉત્તર ગુજરાતનું પાટણ હતું ત્યાં આવી વસવાટ કરેલ. જયાં જંગલમાં આવેલ એક મંદિરના રક્ષણ માટે રાખેલ સિંહના બે હાથે બે ચિરીયા કરી નાખે ? તેથી ગભરાયેલ પૂજારી, રાજા અને લશ્કર તેમની ઉપર હુમલો કરેલ ત્યારે તેમણે કુદરતની કરામત દેખાડી કે આવેલ લશ્કર આગળ વધે તેમ તેમ જમીનમાં ગરકાવ થઈ જતું. તેથી ગભરાઈને સૌએ બચાવવા વિનંતી કરેલ અને તેથી તેમના ઉપદેશ ઉપર રાજા તથા તેના લશ્કરે કલમો પડીને ઈસ્લામ ધર્મ કબુલેલ. જેનો ઉલ્લેખ ઉપરના પીરનામામાં જોવા મળે છે.

વખત જતા રાજપૂત પ્રજા અને મુસ્લિમ લશ્કરી પ્રજા ધર્મના બંધનથી બંધાતી ગઈ અને તેમના સામાજિક સંબંધોમાંથી 'સિપાહી સમાજ' ઉદભવ્યો. રહેણીકરણી લગ્નના રીત રીવાજો, પહેરવેશ, ખોરાક વગેરેમાં સામ્યતા જોવા મળતી તે એક સ્વરૂપ થઈને એક સંસ્કૃતિ 'સિપાહી સંસ્કૃતિ' જન્મી. સૌરાષ્ટ્રના **૨૨૨** જેટલા રજવાડાઓના લશ્કરમાં તેનું લાલનપાલન થયું અને **૧૦૦૦** વર્ષમાં તે ખૂબ જ ફુલી ફાલી હતી.

આજના સિપાહી સમાજમાં 'પીરનામા'વાળી અટકો જેવી કે ચાવડા, રાઠોડ, સોલંકી, ચવાણ અને પઢીયાર ઉપરાંત ચંદ્રવંશી અને સૂર્યવંશી, રાજપૂતો, ક્ષત્રિય, ગરાસિયા, દરબારો જેમણે પાછળથી ઈસ્લામ ધર્મ સ્વીકારેલ છે તેમની અટકો પણ જેવી કે, પરમાર, મકવાણા, નાગોરી, ઝાલોરી, ડોડીયા, અરેડીયા, ભટ્ટી, ભટ્ટા, અમલા, અઘારા, સોઢા, ચઢીયાતા (મલેક), જેરી, કુટપાઈ, જીવરાણા, હીલાણી, મેવાતી, જાદવ, વાઘેલા, ગુજ્જર, પટણી, હાલા, મુખી, જાદવાણી, શિશોદિયા, કુડલિયા વગેરે હોય છે.

## રાજા કરણદેવ સોલંકી હઝરત હાજી હૂદની સેવામા

જયારે રાજા કરણનું લશ્કર હઝરત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુના પ્રભાવ નીચે આવી ગયું અને ઈસ્લામ કબૂલ કરીને મુસલમાન બની ગયા તો રાજાએ કહ્યું, 'હવે તો મારે જાતે જ એ ચમત્કારી માણસની મુલાકાત લેવી પડશે.'

અને રાજા કર્ણદેવ સોલંકી હઝરત ખ્વાજા હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની ખિદમતમાં હાજર થાય છે. બંને વચ્ચે ધાર્મિક બાબતે ઘણી ચર્ચા થાય છે. અંતમાં હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ રાજાને એકેશ્વરવાદ (તૌહિદ)નો સંદેશ આપે છે અને પછી તેને પૂછે કે, 'તમે કોની બંદગી (પૂજા) કરો છો ?' તો રાજા કહે છે કે, 'આપ અમારા માબૂદ (ખુદા)ના મંદિરમાં ચાલો અમે જેની પૂજા કરીએ છીએ તેની મૂર્તિ બતાઉ', આપ તરત જ તેના બુતખાના (મંદિર)માં જાય છે. મંદિર બહુ મોટું હતું. જાત જાતની મૂર્તિઓ હતી. સોના-ચાંદી, હીરા, મોતીથી મંદિર ભરપૂર હતું. મંદિરના મધ્ય ભાગમાં એક વિશાળ પ્રાર્થના ખંડમાં બહુ મોટી અને કિંમતી હીરા મોતીથી મઢેલી મહાકાય મૂર્તિની સામે રાજા ઉભો રહ્યો અને કહેવા લાગ્યો. 'આ અમારો માબૂદ (ખુદા) છે'. તો હઝરત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ પોતાની અંગુશ્તે શહાદતને મૂર્તિની તરફ લંબાવી અને કહ્યું, 'આ તમારો માબૂદ છે' ! બસ આપની આંગળીનો ઈશારો શું થયો કે, જાણે વીજળી ત્રાટકી હોય તેમ પેલી મૂર્તિ તેના સ્થાનેથી પછડાઈ અને ટુકડે ટુકડા થઈ ગઈ. જે જબરદસ્ત કરામત જોઈ રાજા પોતે આશ્ચર્યચકિત થઈ ગયો. આપે રાજાને કહ્યું, 'જે માણસના ઈશારાથી નાબૂદ (નષ્ટ) થઈ જાય તેને તમે માબૂદ (ખુદા) માનો છો ? !!' રાજા પાસે જવાબ ન હતો. આ કરામતથી રાજા એવો પ્રભાવિત થયો કે આપને પાટણમાં રહેવા માટે જગ્યાની સગવડ અને રાજ્ય તરફથી મળતી તમામ જરૂરિયાત પૂરી પાડવાની જવાબદારી લીધી. ઈબાદત કરવા મસ્જિદ બનાવવામાં પૂરો સાથ-સહકાર આપ્યા, કિતાબ પીરનામા (કલમી) અને પાટણમાં પ્રથમ મસ્જિદ બનાવી જે કરણ મસ્જિદના નામથી પ્રખ્યાત હતી. આજે પણ આ મસ્જિદના અવશેષો જોવા મળેછે. કરણદેવની એક રાજકુંવારીએ પણ પિતાના પગલે ઈસ્લામનો સ્વીકાર કર્યાનો અહેવાલ પીરનામામાં જોવા મળે છે.

હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુથી અગાઉ કોઈપણ મુસલમાન પાટણમાં ન હતા. આપ પોતે પાટણમાં મુસ્લિમ તરીકે સૌપ્રથમ આવનાર હતા. આપનો મસ્લક હન્ફી હતો. તેથી જ આપની તબ્લિગના કારણે જે મુસલમાન થયા તે સુન્ની હન્ફી થયા અને આજે પણ ગુજરાતમાં સુન્ની હન્ફી મુસલમાનોની સંખ્યા વધુ છે.

૫૧ વર્ષ સુધી આપે પાટણમાં રહી દીને ઈસ્લામની તબ્લિગ કરી. આપની મહેનત અને કોશિશથી ગુજરાતભરમાં ઈસ્લામની રોશની ફેલાઈ. દિલ્હીથી પાટણ આવનાર મહાન વલીઅલ્લાહ હઝરત બાબા અહમદ દહેલવી ઉર્ફે બાબા દહેલીયા રહમતુલ્લાહ અલયહ પણ આપની ખિદમતમાં જ રહ્યા અને આપનાથી ખૂબજ ફેઝયાબ થયા.

# Somanath plunder : Research rubbishes conversion theory

**By Rajiv Shah**
**Times News Network**

Gandhiinagar: Explodig the myth of Mahmud of Ghazni's invasion of the somnath and destruction of the Shiva temple as an act of a Muslim invader, a recent interprtation rubbishes the popular belife that the attack was a 'jahadi' effort to propagate Islam in the early 11th century.

Achyut Yagnikand Suchitra Sheth,in their recent book, extensively quote historical records to prove that 150 years after Mahmud's attack,the invader's religious identity was not mentioned by any chronicler.

The authors say,"For the populace,Mahmud's incursion was, at most,like a devastating cylone and appeard to have no further connotation." An inscription of 1,169 AD,nearly 100 years later, refers to how Chaulkya ruler Bhimdev, who fled after Mahmud attacked Gujarat, returnd to his capital and rebuilt the temple with excelent stone and studded it with jewels. The inscription does not mention Ghazni's destruction,but says the temple which was rebuilt by Bhimdav was decayed due to time.

Yagnik and Sheth say, Neither inscription of the Chaulukya period,nor important Jain chronicles of Gujarat from that period, such as Dwayashray and Praband hachintamani,refer to Mahmud's aggression or the destuction of Somnath.

However, a contemporary A pabhransh work of Dhanpal, court poet of King Bhoj of Malwa, refers to this event in the following words. The Turushkar destroyed Shri maladesh, then Anhivad patan,

Chandravati and Sorath wer destroyed and then Dilwara and Someswar were destroyed. The authors point out how the Chaulukya dynasty, which ruled Gujarat for 362 years from mid-10th century onwards,continued the religious polocy of tolerance from their predecessors.

Evan after the invasion and destruction of Somnath by Mahmud,The Chaulukyas did not abandon their rajdharma. Naithe Bhimdev nor his successor retaliated along religious lines againtst Muslims. They made a clear distinction between the Turk invaders and peaceful Arab-Iranian merchants. The Chaulukya rulers,thanks to their political wisdom, adopted a policy of tolerance towards the powerful merchant-navigator,com munity of Arabia and persia, which had occupied a commanding position in the Arabian Sea. **In fact, Karnadev, son of Bhimdev, went and met Sufi Haji Hud, who arrived in Patan and persuaded Hindus to embrace Islam.The king gave estbalish his khanchah and madrasa.**

In fact,the authors draw a parallel between Ghazm's attack with the Portuguees invasion of the coastal how the Hindus,Muslims and Parsis here "experienced the oppressive presence of the portuguese. Later, the manner in which Maratha armies plundered the cities, towns and villages without making any distinction on religious lines turned this fertile land into a wretched provinc. Not without rason, the chapter thet folloes is symbolically called Welcomeing the British Raj.

અંગ્રેજી દૈનિક અખબાર ધી ટાઈમ્સના તા.૧૫-૧-૨૦૦૫ના અંક એક લેખ પ્રસિદ્ધ થયો છે જેમાં તેના લેખક રાજીવ શાહે સ્પષ્ટ લખ્યું છે કે રાજા કરણદેવ જે ભીમદેવનો પુત્ર હતો અને ઈસ્લામનો પ્રચાર કરતા સૂફી હાજી હૂદને પાટણમાં મળ્યો અને ધર્મની ચર્ચા થઈ રાજાએ સૂફી હાજી હૂદને ખાનકાહ (આશ્રય) અને મદ્રસા (પાઠશાળા) બનાવવાની મંજૂરી આપી જે આ અંગ્રેજી લેખ પરથી સાબિત થાય છે.

હઝરત હાજી હુસૈન રહમતુલ્લાહ અલયહ લખેલ ફારસી કસીદાની એક પંક્તિ પણ રાજા કરણના ઈસ્લામ અંગિકારની વાતને સ્પષ્ટ બયાન કરે છે.

**દીદ ચૂં રાજા કરન આં શાહ રા શુદ મુઅતકિદ,**

**અઝ દિલો જાન શુદ મુસલમાન સદરે આલમ શાહ હૂદ**

(હવાલા- તઝકેરા એ બંદગાને ગુજરાત, ગુલશને હૂદ)

પીરનામા (કલમી)ના લેખક શૈખ ઉમર બિન શૈખ અહમદ પટણી પીરનામામાં હાજી હૂદલક્ષી પ્રકરણમાં લખે છે કે,


**હકને હિદાયત ઉસ્કો દી, દિલસે કીયા સારા કબૂલ**

**દિલકા સચા કેહને લગા, હક્ક હૈ બરહક્ક રસૂલ**

**ઉનકી કરામત દેખકર લે આયા સો ફિર ઈમાન કુ**

**હો કર મુસલમાન દિલ સતી, કલ્મા પળા દિલજાન સુ.**

અને આ જ પીરનામાના આ વિભાગની છેલ્લી કડીમાં રાજા કરનની કબર 'મસ્જિદે કરના'ના સાયામાં છે. સંગે મરમરની કબર છે. તેવું ચોખ્ખું લખેલ છે. અને એ વાતની સાબિતી આપતી એ કબરની નિશાની આજે પણ મોજૂદ છે. કબરના સીરાણા પાસે લગાવેલ તખ્તીને ઉખાડીને લઈ ગયા છે. બાકીનો ભાગ બાવળના કાંટા અને કંથેરના કાંટાઓ વચ્ચે છુપાયેલ હોવાથી બચી જવા પામ્યો છે. જેણે આ નાચીઝે (સંપાદકે) ફરીથી કડીયા પાસે રિપેર કરાવીને કબરની ફરતે નાની વંડી બનાવી છે. આ ઐતિહાસિક સ્થળની પાટણવાસીઓએ કંઈ ખબર લીધી નહીં. ખૈર ! હજુ પણ જે અવશેષ બચ્યા છે તેની સાવચણી ખૂબ જરૂરી છે. હાલમાં રાજાની કબરની જે સ્થિતિ છે તેની ફોટો કોપી અહીંયા રજૂ કરી છે.



પીરનામાના લેખકે આ કબર બાબતે લખ્યું છે કે,

**રાજા અપની જગો વોહ ખૂબ થા ઇસ્લામમેં,**
**કરતા થા કારે દુનિયાવી ડર હકસે સુબ્હો શામમેં**
**ઉમ્ર જહાં તકથી જીયા આખિર વોહી ગયા જો મર**
**કરના મસ્જિદ કે સાયે તલહી સંગે મરમરકી કબર**

આ કબર સંગે મરમર (આરસ)ની છે. તેના પર સુંદર કોતરણી કામ કરવામાં આવ્યું છે અને કબરની ચારેબાજુ અરબીમાં લખાણ કરેલ છે. જે સ્પષ્ટ જોઈ શકાય છે.

મુબલ્લિગે આઝમ હઝરત ખ્વાજા સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની તબ્લિગનો અસર રાજા અને પ્રજા બંને પર થયો. આપની હિકમતભરી વાણી, સંસ્કારી જીવન, જનસેવાના કાર્યો, ઈબાદતભર્યું તપસ્વી જીવન અને નિઃસ્વાર્થ સેવાથી પાટણવાસીઓ આ મહાન ત્યાગી સૂફી સંતની સેવામાં ઉમળકાભેર હાજર થવા લાગ્યા. મહાન સંતની જે માણસ એક વખત વાત સાંભળી લેતા તે આપનો આશિક બની જતો. કહેવાય છે કે આપની એક આંખમાં તૌહીદની તલવાર અને બીજી આંખમાં કુર્આનેપાકના દીદાર થતા હતા. એટલે જ જેની નજરો હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની નજરથી મળી જતી તે તરત જ કલ્મો પઢી મુસલમાન બની જતો. આ હકીકત ઈતિહાસના પાના પર અંકિત છે.

તઝકિરતુલ અસ્ફિયા (ઉર્દૂ) કિતાબમાં પણ રાજા કરણના ઈસ્લામ કબૂલની હકીકત દર્શાવવામાં આવેલ છે.

## અવલાદ અને કુટુંબ

અબુલ બરકાત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ સાથે આપના સાહેબઝાદા (ફરઝંદ) હઝરત સૈયદ ઈસ્માઈલ રદિયલ્લાહુ અન્હુ પણ તશરીફ લાવ્યા હતા. હઝરત સૈયદ ઈસ્માઈલની શાદી હઝરત ગૌષુલ આઝમ પીરાનેપીર દસ્તગીર સૈયદના શૈખ અબ્દુલ કાદિર જીલાની રદિયલ્લાહુ અન્હુના નજીકના સગાને ત્યાં થઈ હતી. હઝરત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની એક દીકરીની શાદી ગૌષેપાક શૈખ અબ્દુલ કાદિર જીલાનીના વાલિદ હઝરત અબૂ સાલેહ રદિયલ્લાહુ અન્હુ સાથે થઈ હતી. જે હઝરત પીરાને પીર અબ્દુલ કાદિર જીલાની રદિયલ્લાહુ અન્હુના ઓરમાન મા (સોતેલી અમ્મા)

થતાં હતા. હઝરત સૈયદ ઈસ્માઈલ બગદાદ જઈને ગૌષે પાકના મુરીદ અને ખલીફા બનીને કાદિરીયાહ સિલસિલામાં બયઅત થયા હતા. હઝરત સૈયદ શાહ ઈસ્માઈલ કાદરી રદિયલ્લાહુ અન્હુનું નામ ગૌષુલ આઝમના ખલીફાઓમાં જોવા નહીં મળવાનું કારણ એ છે કે આપ તરત જ પાટણ પાછા આવી ગયા હતા. આ સંબંધના કારણે આપના વંશજો કાદરી (હસનીયુલ હુસૈની) તરીકે ઓળખાય છે. (ગુલશને હૂદ)

## તબરૂકાતની શરીફની યાદી

**તારીકુસ્સલ્તનત હઝરત ખ્વાજા સલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ**

મદીના શરીફથી આપ કરનશરીફ તશરીફ લાવ્યા ત્યાં થોડોક સમય રોકાયા બાદ આપ ચિશત આવ્યા. ચિશત એ સમયે સુલૂક, તરીકત, હકીકત અને મઅરિફતના ઈલ્મનું મર્કઝ હતું. આપ ઘણા બુઝુર્ગો પાસેથી રૂહાની ઈસ્લાહ અને તરબીયત પ્રાપ્ત કરીને હઝરત ખ્વાજા અબૂ યૂસુફ નાસીરૂદ્દીન ચિશતી રદિયલ્લાહુ અન્હુની પવિત્ર સેવામાં હાજર થયા. પીરની ખિદમતમાં રહીને પોતાની આધ્યાત્મિક શક્તિઓને પરિપકવ કરવા લાગ્યા. હઝરત શાહ હૂદ રદિયલ્લાહુ અન્હુના ઉચ્ચ સંસ્કારથી હઝરત ખ્વાજા અબૂ યૂસુફ રદિયલ્લાહુ અન્હુ પ્રભાવિત થઈ પોતાના હલ્કએ એરાદતમાં દાખલ કરી લીધા (મુરીદ બનાવી લીધા) હઝરત હૂદ રદિયલ્લાહુ અન્હુ લાંબો સમય પીરો મુર્શીદની સેવા કરતા રહ્યા. ધીમે ધીમે મઅરિફતની મંઝિલ નજદીક આવતી ગઈ. રાઝ (રહસ્ય)ની વાતો આપ ઉપર રૌશન થવા લાગી. આપના ઉપર એ તમામ ઈલ્મ (ઈલ્મે લદુન્ની) રૌશન થઈ ગયા જે એક કામિલ વલી પર હોય છે. ત્યારે તેમના પીરોમુર્શીદએ ફરમાવ્યું, ‘‘અમોએ તમારી જાતને બરકતવાળી બનાવી.’ અને પોતાની ખિલાફતથી નવાઝી દઈને મુસલ્લો, નાલૈન, અસા અને બીજી અનેક તબર્રુકાતો અર્પણ કરી અને હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુને ‘કુતુબ’ની સનદ આપી. અબુલ બરકાતનો દરજ્જો અર્પણ કર્યો. આ ઉપરાંત હઝરત શાહ સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ પાસે બીજા પણ ઘણા જ તબરૂકાતો હતા જેમાં કેટલાક બુઝુર્ગાને દીન પાસેથી મળ્યા હતા અને કેટલીક આપની પાસે ખાનદાની બુઝુર્ગો વડીલો પાસેથી હાસિલ થયા હતા. આ તમામ તબર્રુકાતો સાથે લઈને

આપ નહેરવાલા (પટ્ટન) પાટણ (ગુજરાત) તશરીફ લાવ્યા હતા.

અલ્લાહ તઆલા જ્યારે કોઈ બંદાને શર્ફ, કરામત, રહમત અને બરકતોથી નવાજી દે છે ત્યારે તેનાથી સંબંધ રાખનારી દરેક ચીજવસ્તુને સંપૂર્ણ બરકતવાળી બનાવી દે છે. તેવી મુબારક વસ્તુ-ચીજોને અમો આપણી લોકભાષામાં 'તબર્રૂક' કહીએ છીએ જ્યારે બંદો 'તખલકુબિ અખ્લાકુલ્લાહ' પ્રમાણે થઈ જાય છે તે બંદાની દરેક ચીઝ અલ્લાહતઆલાની કુદરતોની મઝહર બની જાય છે. અલ્લાહના કોઈ બંદા ઉપર જ્યારે નૂરે ઈલાહી નાઝિલ થાય છે ત્યારે તે અનવાર (તેજ) તેના અંગે અંગમાં પ્રસરી જાય છે. પછી તે અનવારની બરકત અલ્લાહના તે નેક બંદાની દરેક ચીઝ (વસ્તુ)માં આવી જાય છે. જે વસ્તુને તે બંદાએ સ્પર્શ કર્યો હોય.

કુર્આનેપાકમાં તાબુતે સકીનાનું બયાન આવે છે આ તાબુતે સકીના (સંદુક) એટલે પેટીમાં આગલા નબીઓની ચીજ વસ્તુઓ હતી. કોઈનો અસો હતો, કોઈની વીંટી હતી, કોઈની પાઘડી હતી, કોઈની કફની હતી, તૌરેત અને ઝબૂરના કેટલાક પારા હતા વગેરે. આ સંદુકની મોટા મોટા પયગમ્બરો તાઝીમ (અદબ) કરતા હતા. એક વખત હઝરત મૂસા અલૈહિસ્સલામ એ વરસાદ માટે જ્યારે દુઆ કરી તો આ સંદુકને પોતાની સામે રાખી અને તેમાં રહેલી તબર્રૂકાતના વસીલાથી દુઆ કરી તો અલ્લાહ તઆલાએ વરસાદ વરસાવ્યો હતો એ સાબિત થયેલી હકીકત છે.

હદીષ શરીફમાં આવે છે કે, આપણા આકા અને મૌલા હુઝૂર સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલૈયહિ વસલ્લમે પણ તબર્રૂકાતની વહેંચણી કરી છે અને તે તબર્રૂકાતથી ફૈઝ-બરકત અને કાયમાબી હાંસિલ થવાના અસંખ્ય કિસ્સાઓ કિતાબોમાં મોજૂદ છે.

(૧) જ્યારે આપની સાહબઝાદી (દીકરી) હઝરત બીબી ઝયનબ રદિયલ્લાહુ અન્હાનો ઈન્તેકાલ થયો તો આપે પોતાનું તેહબંદ તેમના કફનમાં ઉપયોગમાં લેવા માટે આપ્યું હતું. આ તબર્રૂકથી કબ્રમાં બીબી ઝયનબને જરૂર ફાયદો પહોંચાડવાનો આશય જાહેર થાય છે.

(૨) હજ્જતુલ વિદાઅના મૌકા ઉપર આપે પોતાની દાઢી મુબારકના બાલ મુબારકની વહેંચણી કરી હતી અને આ બાલ મુબારક વહેંચવાનું કામ આપે હઝરત અબૂ તલ્હા અન્સારી રદિયલ્લાહુ અન્હુને સોંપ્યું હતું.

(૩) હઝરત ફાતિમા બિન્તે અસદના ઈન્તેકાલ વખતે પણ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાનું પહેરણ ઉતારીને તેમના કફનમાં આપવા આપેલું અને આપે ખુલાસો પણ કર્યો હતો કે આ મારું પહેરણ તેના માટે જન્નતનો હલ્લો (જન્નતી લિબાસ) બનશે અને કબ્રમાં તેને રાહત આપશે. આથી સ્પષ્ટ માલૂમ થાય છે કે તબર્રૂકાતમાં ફૈઝ, બરકત, રહમત અને કરામતના ખઝાના છુપાયેલા હોય છે. તે તબર્રૂકાતના દિદાર પણ એક નેઅમત છે.

(૪) હઝરત ખાલિદ બિન વલીદ રદિયલ્લાહુ અન્હુ જેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તરફથી સૈફુલ્લાહ (અલ્લાહની તલવાર)નો લકબ મળ્યો હતો. તેઓ પોતાના માથા પર જે ટોપી પહેરતા હતા તેમાં હુઝૂરના મુએમુબારક (બાલમુબારક) રાખતા હતા અને તે બાલમુબારકની બરકતથી જ આપનો હંમેશા વિજય થતો હતો.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની તબર્રૂકાતના આવા હજારો દાખલાઓ મોજૂદ છે.

સહાબાએ કિરામે હંમેશા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની દરેક તબર્રૂકાતની તાઝીમ કરી છે અને તેનાથી ફૈઝ અને બરકતો હાંસિલ કરી છે. હઝરત અમીર મુઆવિયા રદિયલ્લાહુ અન્હુએ પણ પોતાના કફનમાં હુઝૂરના બાલ અને નખ મુબારકની વસીયત કરી હતી જે કિતાબોથી સાબિત થાય છે.

ઔલિયા અલ્લાહની જમાઅતે પોતાના જીવન ધ્યેય શરીઅતે મુહમ્મદીના ફેલાવો-પ્રચાર- તબ્લિગ કરવાનો બનાવી લીધો હતો. અલ્લાહના તે પ્યારા બંદાઓ એ શિર્ક અને બિદઅતની સામે જે જંગ ખેલ્યો છે તે આપણા જીવન માટે ઉચ્ચ આદર્શ છે. તેમના જીવવાની દરેક ક્ષણ સુન્નતે રસૂલની અદાયગીમાં પસાર થતી હતી. તબર્રૂકાત બાબતે પણ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના જીવનમાંથી નોંધ લીધી છે. ઔલિયા અલ્લાહ પણ હુઝૂર પછી સહાબાને મળેલી તબર્રૂકાત ક્રમે ક્રમે તેમની પાસે આવી તો તમામ બુઝુર્ગોની અને પોતાના પીરો તરફથી મળેલા તબર્રૂકાતની તાઝીમ કરી પોતાના છાતીથી લગાવી રાખ્યાના દાખલા અનેક ઈતિહાસની કિતાબોમાં ચમકી રહ્યા છે.

પીરાને પટ્ટન (પાટણ)માં સૌ પ્રથમ તશરીફ લાવનાર હઝરત અબુલ

બરકાત સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ પોતાની સાથે પોતાના બાપદાદા તરફથી મળેલી તબર્રૂકાત અને પોતાના પીરો મુરશિદ તરફથી મળેલી તબર્રૂકાતમાં પાછળથી લાવ્યા હતા અને એ તબર્રૂકાત આપની ઔલાદ આજ સુધી સાચવી રહી છે. આ તબર્રૂકાતમાં પાછળથી થયેલા બુઝુર્ગોની તબર્રૂકાત પણ સામેલ હોવાનું કારણ એ છે કે, હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની ખાનકાહ સૌથી મોટી, જૂની અને સનદી હતી એટલે જેટલા બુઝુર્ગો પાછળથી આવ્યા એ તમામ પોતાની પાસે રહેલી તબર્રૂકાત આ ખાનકાહમાં આપતા ગયા છે.

પાટણમાં આજે પણ હઝરત સુલતાન શાહ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુના ખાનદાનમાં તેમની ઔલાદ પાસે આ મહાન નેઅમત (તબર્રૂકાત) સહીસલામત મોજૂદ છે. જે રબીઉસ્સાનીની ૧૦મી અને ૧૧મી તારીખે બહાર કાઢી મીલાદશરીફ પઢતા પઢતા દરૂદો સલામ સાથે બાવુઝૂ-અત્તર લગાવીને અદબ સાથે દિદાર કરવામાં આવે છે. આ તબર્રૂકાતમાં કયા બુઝુર્ગની કઈ વસ્તુ છે તેની એક ઝલક જુઓ.

(૧) અમામા (પઘડી મુબારક ) હઝરત રસૂલેખુદા અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ

(૨) અમામા (પઘડી મુબારક) અમીરૂલ મુઅમિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ

(૩) કફની અને રૂમાલ મુબારક -શેરેખુદા હઝરત અલી કરમલ્લાહુ વજહહુ

(૪) ચાદર અને મુસલ્લા મુબારક -હઝરત ખાતૂને જન્નત બીબી ફાતિમહ ઝહરા રદિયલ્લાહુ અન્હા

(૫) કફની-ટોપી અને કાલી કમલી મુબારક - હઝરત અબુલ બરકાત સિરાજુલહિંદ સુલતાન સૈયદ શાહ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ

(૬) બાલ મુબારક, અમામા મુબારક, રૂમાલ મુબારક, કફની મુબારક, નિશાન અને પંજા મુબારક- હઝરત ગૌષુલ આઝમ પીરાનેપીર દસ્તગીર સૈયદના અબ્દુલ કાદિર જીલાની રદિયલ્લાહુ અન્હુ

(૭) અમામા મુબારક, નિશાન, પંજા- હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી રદિયલ્લાહુ અન્હુ

(૮) કફની મુબારક, ટોપી મુબારક, રૂમાલ મુબારક- હઝરત મખદૂમ જહાંનિયા જહાં ગશ્ત રદિયલ્લાહુ અન્હુ

(૯) તકીયા મુબારક - હઝરત સૈયદ મહમ્મદ ખ્વાજા બંદાનવાઝ ગેસુદરાઝ રદિયલ્લાહુ અન્હુ

(૧૦) અમામા મુબારક, શાલ મુબારક- હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખતિયાર કાકી રદિયલ્લાહુ અન્હુ

(૧૧) કફની મુબારક- હઝરત જમીયલ શાહ દાતાર રદિયલ્લાહુ અન્હુ

(૧૨) કફની મુબારક-હઝરત સૈયદ ઈસ્હાક બિન સૈયદ ઈસ્માઈલ બિન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ

(૧૩) કફની-સાલ મુબારક- હઝરત શાહ નૂરૂલ્લાહ બિન શાહ હસન ફકીહ ગૌષુલવરા રદિયલ્લાહુ અન્હુ

(૧૪) કફની મુબારક- હઝરત સૈયદ શાહ હસન ફકીહ ગૌષુલવરા કુતબુષ્ષકલયન રદિયલ્લાહુ અન્હુ

(૧૫) કફની મુબારક- હઝરત શૈખ ફારૂક કાઝી મુહમ્મદ અબ્બાસ શૈખુલ ઔલિયા રદિયલ્લાહુ અન્હુ

(૧૬) ટોપી મુબારક, કફની મુબારક- હઝરત કાઝી મુહમ્મદ બિન શૈખ દાવૂદ અબ્બાસી રદિયલ્લાહો અન્હુ

(૧૭) તસ્બીહ-અંગૂઠી (અંગુસ્તરી)- હઝરત સૈયદ શાહ હસન ફકીહ ગૌષુલવરા રદિયલ્લાહુ અન્હુ

(૧૮) કફની મુબારક- હઝરત સૈયદ અરબ શાહ બિન શાહ ઝાહિદ શાહ બુરહાનુલ હક્ક રદિયલ્લાહુ અન્હુ

(૧૯) શાલ મુબારક- હઝરત મિયાં શાહ નૂરૂલ્લાહ બિન શાહ બાકિર રદિયલ્લાહુ અન્હુ

(૨૦). કાન ટોપી મુબારક- હઝરત શૈખ બદરૂદ્દીન મઅરૂફ શાહ સદાર રદિયલ્લાહુ અન્હુ

(૨૧) કફની મુબારક- હઝરત સૈયદ શાહ નૂરૂલ્લાહ બિન સૈયદ શાહ અબ્દુલ અઝીઝ રદિયલ્લાહુ અન્હુ

(૨૨) કફની મુબારક- હઝરત શૈખ અઝમતુલ્લાહ બિન શૈખ મુહિયુદ્દીન બિન શૈખ શરફ રદિયલ્લાહુ અન્હુ

(૨૩) કફની અને રૂમાલ - હઝરત શૈખ અબ્દુલ લતીફ બિન શૈખ જમાલ બિન સિરાજ રદિયલ્લાહુ અન્હુ

(૨૪) રૂમાલ- હઝરત શેખ બહારૂદીન હારૂન રદિયલ્લાહુ અન્હુ
(૨૫) ટોપી મુબારક - હઝરત કુતુબુદીન શાહ નૂરૂલ્લાહ રદિયલ્લાહુ અન્હુ.

આ ઉપરાંત ઘણા બુઝુર્ગાને દીનની મુકદ્દસ તબર્રૂકાત આજે પણ સહી સલામત મોજૂદ છે.

## નાશવંત જગતનો ત્યાગ

અબુલ બરકાત સિરાજુલહિંદ હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ **૧૨૦** વર્ષની વૃદ્ધ વયે રજજબ મહિનાની **૧૫**મી તારીખે હિજરીસન **૫૩૬** (ઈ.સ.**૧૧૪૧**)ના દિવસે આ નાશવંત જગતથી વિદાય લીધી (ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજિઉન) આપનો મજાર શરીફ પાટણ (જિ.મહેસાણા)માં ખાન સરોવર પાસે દરવાજા નજીક આવેલ છે. આપ જે જગ્યાએ આરામ ફરમાવી રહ્યા છે. તે જગ્યાને 'જન્નતુલ માવા'નો દરજ્જો હાંસિલ છે. (ગુલશને હૂદ)

**સાલ વસલશ ઇશ્કુલ્લાહ (૫૩૬) મર કદશ શુદ દર પટન**
**જન્નતુલ માવા મકામશ શુદ ઝે આલમ શાહ હૂદ**
**માહે રજબ હાદિયો (૧૫) વ યક સદ વ ઇશરી (૧૨૦) ઉમર**
**રફતહ ઝી દારે ફના અબરારે આલમ શાહ હૂદ**
(તઝકેર એ બંદગાને ગુજરાત)

## શજરએ તરીકત

કુત્બુલ અકતાબ હઝરત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુનો શજરએ તરીકત આ પ્રમાણે છે. આપના પીર હઝરત ખ્વાજા અબૂ યૂસુફ નાસીરૂદીન ચિશ્તી તેમના પીર હઝરત ખ્વાજા અબૂ મુહમ્મદ બિન અહમદ ચિશ્તી તેમના પીર હઝરત ખ્વાજા અબૂ અહમદ અબ્દાલ ચિશ્તી તેમના પીર હઝરત ખ્વાજા અબૂ ઈસ્હાક ચિશ્તી તેમના પીર હઝરત ખ્વાજા મુમશાદ ચિશ્તી તેમના પીર હઝરત ખ્વાજા હુબેરતુલ બશરી તેમના પીર હઝરત ખ્વાજા સઆદુદીન હુઝૈફહ તેમના પીર હઝરત ઈબ્રાહીમ અદહમ તેમના પીર હઝરત અબ્દુલ ફુઝૈલ બિન અયાઝ તેમના પીર હઝરત અબ્દુલ વાહિદ બિન ઝૈદ તેમના પીર હઝરત ખ્વાજા હસન બશરી તેમના પીર હઝરત અમીરૂલ મોમેનીન શેરેખુદા મૌલાએ કાઈનાત અલી ઈબ્ને અબી તાલિબ (રિદવાનુલ્લાહિ તઆલા અલયહિ અજમઈન)

હઝરત સુલતાન હાજી હૂદ
ખુ કરદા જમાલે મોહમ્મદી હય
પરવર દા કમાલે અહમદી હય

# શજરએ મુબારક
# આલિયા ચિશ્તીયા હૂદીયા

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બીલ આલમીન, વસ્સલાતુ વસ્સલામુ અલા રસૂલિહી વ અલા આલિહી વ અસ્હાબિહી વ અહલિ બયતિહી અજમઈન બિ રહમતિક યા અર હમર રાહિમીન

હાઝા સિલસિલતિ મિમ મશાયખી ફિત્ત તરકતિલ ચિશ્તીયાહ રિદવાનુલ્લાહિ તઆલા અલયહિમ અજમઈન. અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિંવ વ બારિક વસલ્લિમ.

(૧) ઈલાહી બે હુરમતે સૈયદિલ કૌનેન, રસૂલુષ્ષકલૈન, મોહમ્મદનીલ મુસ્તફા સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ.
(વિસાલ ૧૨, રબીઉલ અવ્વલ મદીનાએ મુન્નવરા)

(૨) ઈલાહી બે હુરમતે ઈમામુલ મશારિક વ મગારિબ અલી ઈબ્ને અબી તાલિબ કરમલ્લાહુ વજહુલ કરીમ.
(શહાદત ૨૧, રઝમાન નઝફ અશરફ)

(૩) ઈલાહી બે હુરમતે ખ્વાજા હસન બસરી રદિયલ્લાહુ અન્હુ
(વિસાલ ૧૭, મુહર્રમ બસરા)

(૪) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબ્દુલવાહિદ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ
(વિસાલ ૨૭૪ સફર બગદાદ શરીફ)

(૫) ઈલાહી બે હુરમતે ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રદિયલ્લાહુ અન્હુ.
(વિસાલ ૨૧, જમાદીલ આખિર મુશ્કે શામ)

(૬) ઈલાહી બે હુરમતે ખ્વાજા સુલતાન ઈબ્રાહીમ અદહમ બલ્ખી રદિયલ્લાહુ અન્હુ
(વિસાલ ૨૧, જમાદિઉલ આખિર મુલ્કે શામ

(૭) ઈલાહી બે હુરમતે ખ્વાજા બદરૂદ્દીન હુઝૈફા મરઅશી રદિયલ્લાહુ અન્હુ

(વિસાલ ૭૪ શવ્વાલ મુશ્કલે શામ)

(૮) ઈલાહી બે હુરમતે ખ્વાજા અમીનુદ્દીન હુબેરીઉલ બસરી રદિયલ્લાહુ અન્હુ.

(વિસાલ ૧૭, શવ્વાલ મુશ્કે શામ)

(૯) ઈલાહી બે હુરમતે ખ્વાજા મુમશાદ અલવી દી નૂરી રદિયલ્લાહુ અન્હુ.

(વિસાલ ૧૪, મુહર્રમ બગદાદ શરીફ)

(૧૦) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબૂ ઈસ્હાક શામી ચિશ્તી રદિયલ્લાહુ અન્હુ

(વિસાલ ૧૪, રબીઉલ આખિર મુલ્કે શામ)

(૧૧) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબૂ અહમદ અબ્દાલ ચિશ્તી રદિયલ્લાહુ અન્હુ

(વિસાલ, ૧૭ જમાદીઉલ આખિર ચિશ્ત શરીફ)

(૧૨) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબૂ મુહમ્મદ બિન અહમદ ચિશ્તી રદિયલ્લાહુ અન્હુ.

(વિસાલ ૪, રબીઉલ આખિર ચિશ્ત શરીફ)

(૧૩) ઈલાહી બે હુરમતે ખ્વાજા નાસીરૂદ્દીન અબૂ યૂસુફ ચિશ્તી રદિયલ્લાહુ અન્હુ

( વિસાલ ૩, રજ્જબ ચિશ્ત શરીફ)

(૧૪) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબુલ બરકાત સિરાજુલ હિંદ શેરેસાની મુબલ્લિગે આઝમ સૈયદ સુલતાન હાજી હૂદ બિન અવ્વાના રદિયલ્લાહુ અન્હુ.

(વિસાલ ૧૫, રજ્જબ હિ.૫૩૬, પીરાન પટ્ટન શરીફ)

વ સલ્લલ્લાહુ તઆલા અલા ખયરિ ખલકિહી વ નૂરિ અરશિહી અલા સૈયદિના મુહમ્મદિંવ વ અલા આલિહી વ અસ્હાબિહી અજમઈન. બિ રહમતિક યા અર હમર રાહિમીન.

# કસીદહ

**(અઝઃ હઝરત હાજી હુસૈન ચિશ્તી રહમતુલ્લાહ અલયહ)**

(નોંધ :- હઝરત હાજી હુસૈન રહમતુલ્લાહ અલયહ હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુના સાથી (દોસ્ત) આપના મુરીદ, ખલીફા અને આપની સલ્તનત કાળના વઝીર હતા પાટણ આપની સાથે તશરીફ લાવ્યા હતા આપે હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની શાનમાં એક કસીદો ફારસીમાં લખ્યો છે જે અહીંયા રજૂ કરીએ છીએ.)

**ગઝના ફરસ્તા ઝે આલે રસૂલ સૈયદ હૂદ**
**અઝ દસ્તા સિલસિલએ ચિશ્તી વ કરની સઉદ**

(આલે રસૂલમાં સૈયદ હૂદ સિંહ છે અને સિલસિલએ ચિશ્ત અને મુબારક યુગની સ્થાપના તેમના હસ્તે થઈ)

**દિગર જુનૂદ વ કર્ખ ઝૌ શુદહ રોશના**
**કે હસ્તા અશરફ સાદાતા સૈયદ મહમૂદ**

(જુનૂદ અને કર્ખ તેમનાથી પ્રકાશિત થયા છે અને સૈયદ મહમૂદ સાદાતોમાં સર્વશ્રેષ્ઠ છે.)

**અલ મદદ યા કુતુબુલ અકતાબે દો આલમ શાહ હૂદ,**
**શાહે શાહાં માહે દૌરા પીરે આલમ શાહ હૂદ**

(બંને જહાનના અતિ પ્રકાશિત તારલાઓ માંના અતિપ્રકાશિત ધ્રૂવ તારા સમાન અને રાજાઓના રાજા અને યુગના ચંદ્રમાં જેવા હે દુનિયાના પીર શાહ હૂદ ! અમારી મદદ કરો)

**કુર્રતુલ ઐને મુહમ્મદ ફલઝતે કિબદુલ બતૂલ**
**ઈબ્ને અવ્વાનહલ હુસૈની સદરે આલમ શાહ હૂદ**

(હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આંખોની રોશની અને હઝરત બીબી ફાતિમા બતૂલ રદિયલ્લાહુ અન્હાના જીગરના ટુકડા, અવ્વાના હુસૈનીના સંતાન દુનિયામાં સર્વોચ્ચ પદ ધરાવનારા શાહ હૂદ !)

**વાલીએ મુલ્કે વિલાયત, હાદીએ ખલ્કે ખુદા,**
**સૈયદે આલી નસબ ખુશ મેહરે આલમ શાહ હૂદ**

(વિલાયતના સામ્રાજયના હાકિમ અને ખલ્કે ખુદાના માર્ગદર્શક તથા ઉચ્ચકૂળના સૈયદ અને દુનિયાના ઝળહળતા ચંદ્રમાં સમાન શાહ હૂદ !)

**આં કે ઔર અશદ બશારત અઝ ઈમામે મુરસલાન**

**રફ્ત અવ ખૂદ દર મદીના તસરે આલમ શાહ હૂદ**

(રસૂલોના સરદાર હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વઆલિહી વસલ્લમની બશારત પ્રાપ્ત થતાં જ પૃથ્વીના વલ્લભ શાહ હૂદ પોતે મદીના પહોંચી ગયા)

**બહરે ઈલ્મો કાન જૂદો મઝહરે નોઅમાએ હક્ક**

**મહદીએ રાહે યકીન અનવારે આલમ શાહ હૂદ**

(જ્ઞાનના મહાસાગર તથા દાનવીરતાની ખાણ તથા ખુદાની નેઅમતોના પ્રદર્શક અને અકીદતના માર્ગના માર્ગદર્શક અને પ્રકાશના પૂંજ સમાન શાહ હૂદ!)

**બારહા દર મક્કા રફ્ત વ હાજીએ હરમૈન શુદ,**

**યાફતા આલી મરાતિબ મહરે આલમ શાહ હૂદ**

(દુનિયાના ચંદ્રસમા શાહ હૂદ ઘણીવાર મક્કાની ઝિયારતે ગયા અને હરમૈનના હાજી બનવાનું તેમણે સૌભાગ્ય પ્રાપ્ત કર્યું અને ઉચ્ચ મરતબાઓ પ્રાપ્ત કર્યા)

**બઅદ અઝ આં અઝ હુકમે અહમદ સૂએ હિન્દુસ્તાન શુદહ,**

**દીન રા નુસરત બહ દાદહ નૂરે આલમ શાહ હૂદ**

(દુનિયાની રોશની સમાન હઝરત શાહ હૂદ પછી હુઝૂર અહમદ સલ્લલ્લાહુ અલયહિ વઆલિહી વસલ્લમના આદેશથી હિન્દુસ્તાન તરફ વળ્યા અને ત્યાં દીનને મહા-વિજય અપાવ્યો.

**દીદ ચૂં રાજા કરન આં શાહ રા શુદ મુઅતકિદ,**

**અઝ દિલો જાન શુદ મુસલમાન સદરે આલમ શાહ હૂદ**

(જ્યારે રાજા કરણે આ જોયું તો ઉચ્ચપદ ધરાવનારા શાહ હૂદનો તે દિલોજાનથી આસક્ત (શ્રદ્ધાળુ) બની ગયો)

**શુદ મુસલમાની બિના અઝ ઝાતે પાકશ દર પટન,**

**દીને અહમદ ગશતા રોશન બદરે આલમ શાહ હૂદ**

(દુનિયાના ચંદ્રસમા હઝરત શાહ હૂદની પવિત્ર જાતના પ્રતાપે પાટણમાં ઈસ્લામની બુનિયાદ નંખાઈ અને દીને અહમદ (ઈસ્લામ) જગમગી ઉઠ્યું.

**સાલ તારીખશ યલૂ હુશ શમ્સ ૪૮૫ ગુફ્તા હાતેફી**

**શુદ ઈકામત દરહમાં જા બારે આલમ શાહ હૂદ**

(ગૈબી ફરિશ્તાએ તેની તારીખ 'યલૂ હુશ શમ્સ' કરી (૪૮૫ હિજરી) અને એજ જગ્યાએ દુનિયાના મદદગાર એવા શાહ હૂદે પાટણને પોતાનું રહેઠાણ બનાવ્યું.)

**સાલ વસલશ ઈશ્કુલ્લાહ ૫૩૬ મર કદશ શુદ દર પટન**

**જન્નતુલ માવા મકામશ શુદઝે આલમ શાહ હૂદ**

(ઈશ્કુલ્લાહ, શબ્દમાંથી વિસાલની સાલ નીકળે છે. (૫૩૬ હિજરી) અને તેમની કબર પાટણમાં બની અને તેમનું એ મુકામ દુનિયામાં જન્નતુલ માવા બની ગયું.

**માહે રજ્જબ હાદિયા ૧૫ વ યક સદ વ ઈશરી ૧૨૦ ઉંમર,**

**રફતહ ઝી દારે ફના અબરારે આલમ શાહ હૂદ**

(રજબ મહિનાની પંદરમી તારીખે (હાદિયા) ૧૨૦ વર્ષની ઉંમરે દુનિયાના આ પરાક્રમી રાજા શાહ હૂદે આ ફાની દુનિયામાંથી વિદાય લીધી.)

**કમતરીને ખાદેમાં 'હાજી હુસૈન' અઝ બહરે હક,**

**નઝરે રહમત યાફ્તા અઝ બદરે આલમ શાહ હૂદ**

(અલ્લાહને માટે ખાદિમોમાંથી આ કમતરીન (તુચ્છ) હાજી હુસૈન પર દુનિયાના ચંદ્ર એવા શાહ હૂદની કૃપા દૃષ્ટિ થઈ)

(તઝકેર એ બંદગાને ગુજરાત, ગુલશને હૂદ)

# અસતદઆ અઝ હાજી હૂદ

(સુલતાન હાજી હૂદની મદદની યાચના)

**અઝ :- શૈખ મુહમ્મદ કાસિમ બિન શૈખ**

**ફતેહુલ્લાહ અન્સારી (ઈ.સ. ૧૬૦૦)**

નોંધ :- સૈયદ મુહમ્મદ બાકિર બિન શાહ અબ્દુલ અઝીઝ જે હઝરત શાહ હૂદની ઔલાદ માંથી છે. તેમના એક મોઅતેકિદ મુરીદ શૈખ મુહમ્મદ કાસિમ બિન શૈખ ફતેહુલ્લાહ અન્સારી (ઈ.સ. ૧૬૦૦) એ શાહ હૂદની હમ્દોષનામાં એક દુઆઈયા નઝમ લખી હતી તે રજૂ કરીએ છીએ.

(હવાલા-ગુલશને હૂદ)

અલ મદદ યા હઝરત સુલતાન હૂદ
અલ મદદ યા વાલીએ અકલીમ જવ્વાદ

(હે હઝરત સુલતાન હૂદ ! અલ મદદ ! હે જવ્વાદ (અલ્લાહ) ની હુકૂમતના હાકિમ અલ મદદ !!)

દર સમરકંદ શિક્કએ શાહી ઝદી
બલદ એ ખનફૂર મીલાદ તૂ બૂદ

(તમે સમરકંદ માં શાહી સિક્કો ચલાવ્યો (સમરકંદ ઉપર તમે હુકૂમત કરી) તમારૂ જન્મ સ્થાન ખનફૂર હતું)

બઅદ અઝ આં અઝ અમર રબ્બે મુસ્તઆન
કઅબહ રા કરદી બહ જાન વ દિલ સજૂદ

(ત્યાર પછી રબના આદેશથી મદદથી તમે દિલો-જાનથી કાબાને સજદા કર્યા)

દર મદીનહ મુદ્દતી બર દરગહી ખાતિમ નબી
અઝ તવાઝઅ વઝ તઆશઅ જૂબ્બાએ સૂદ

(એક મુદ્દત સુધી તમે આખરી નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ની દરગાહ પર વિનમ્રતા અને (ખુશુઅ) શરણાગતી સાથે તમારો ચેહરો રગડ્યો (ઘસ્યો)

બાઝ બર હુકમ રસૂલે મુરસલીન
દર પટન દરહાએ કહનહ કુફ્ર અઝ દીને કેશૂદ

(અને ફરીવાર રસૂલોના રસૂલ હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના આદેશ થી પાટણમાં દીનની અંદર વ્યાપી ગએલા કુફ્રના પ્રાચીન દરવાજાઓ તમે ખોલી નાંખ્યા)

હઝરત મીર મુહિયુદ્દીન કાદરી રા ખુશનિયા
આં બુઝુર્ગી અમજદી વા ફિઈલ અહૂદ

(હઝરત મીર મુહિયુદ્દીન કાદરી ના તમે નાના થાવ છો જેઓ મહાન બઝુર્ગ અને વચન-પાલક હતા.)

''કાસિમી'' અઝ એઅતેકાદે બાતિની હર સુબ્હો શામ
તવાફ દરગાહે તૂ વ તફતીહ રા લાઝિમ નમૂદ

(કાસિમી (શૈખ મુહમ્મદ કાસિમ) આપનો અકીદતમંદ હતો. તેના અંતર આત્માએ દરરોજ સવાર-સાંજ તમારી દરગાહનો તવાફ (હાજરી) અને તેને ખોલવાનું આવશ્યક બનાવી લીધું હતું.)

# પીરનામા

**મૂળ લેખક : શૈખ ઉમર બિન શૈખ અહમદ પટણી**

શૈખ ઉમર બિન શૈખ અહમદ પટણીના લખેલ પીરનામાનું હઝરત સુલતાન સૈયદ હાજી હૂદલક્ષી સંક્ષિપ્ત ભાગ નીચે વાંચકો માટે રજૂ કર્યું છે.

હૈ તવલ્લુદકી વલીયુલ્લાહ શુદ તારીખ બસ,
ઈસ હરફોંસે નિકલતે ચારસો સોલા બરસ.
પદંર બરસકી ઉમ્રમેં બેઠે સો ફિર ગાદી ઉપર,
ઔર બાદશાહીકી બરસ પંદરા તમી બુજો મુકર.
પસ શહર હેગા સમરકંદ ઔર હોગી મુશ્કે શામ,
ખનફુર હૈ ઈન્કા વતન સિકાહકુમ સોંપા તમામ..
ફિર સલ્તનતકુ સાત લે મક્કા મુબારક આએ હૈ,
ઉમર વઝીરાં ખેશ-ઝન સબ અકરબા સંગ લાએ હૈ.
છત્તીસ બરસોં તક રહે મક્કા મુબારક જાનીયો,
કીતી હજાં છત્તીસ વાં તહકીક કર તુમ માનીયો.
વહાં સે ઉઠે ફિર કૂચકર મદીના મુનવ્વરામેં સો આએ.
અમનો મકાંમે રાતદિન રહે દિલસે ફિર માંગી દુઆએ.
વાં સે ઈશારા યું હુવા કીતી હજાં રબને કબૂલ,
તુમ નહરવાલાહ જાવ અબ મકસદ તુમ્હારે હો રસૂલ.
રાજાં વહાં કા હૈ અશદ કાફિર બહુત વો સખ્ત હૈ,
ઉસ્કો મુસલમાં તુમ કરો, સોંપા તુમે વો તખ્ત હૈ.
ફિર આપને ઉનકી બશારતસે મુહિમ કી ઈસ તરફ,
ઔર આપકે સાલ્લાહકું ભેજા શાહી પર સુનલો હરફ.
સબ અકરબા ઔર ખુશઝન ફરઝંદ ઉનકે સાથ થે,
મિન જુમ્લા દોસો આદમી ઉનકે સો સનકાત થે.
મંઝિલ બ મંઝિલ કુચ કર પહોંચે જલ્દ આઈસીકામ,
રાજા કે બુત ખાના પર કેશ થા વહાં કીતા મુકામ.
તશરીફ ઈસ બસ્તીમેં લે આને કી 'યલૂહુશશમ્સ' હૈ,
ચારસો ઉપર સો પંચાસી સહીહ સચ્ચે બરસ હૈ.

સબસે અવ્વલ આએ યહાં દુજા ન થાય કોઈ શહર,
રાજા કરણકા આવકર તોળા ઉનુને ફિર કુફર.
પૂજારી ઉસકા ઉસ વકત હાઝિર વહાં ન થા જાનીયો,
ઔર દિન થા પિછલા છે ઘડી તહેકીક કર તુમ માનીયો.
દહેશત લગી પૂજારી કુંયે કૌન આએ હૈ યહાં,
રાજા કે નહી, યે લોગ કોઈ અજનબી આએ કહાં.
વહાંકા યહી કાનૂન થા અસ્ર વકત આવે સો બાઘ (વાઘ),
ઈન્સાન હયવાન હોવે કોઈ ઉનકું કરે વહાં હલાંક.
ઉસ વાસ્તે લકળા સો એક પોલા રખા થા ઉસ જગે,
ઉસમે કો જાવે પેડ જો ના બાઘકા કાબૂ લગે,
જબ વકત અસ્રકા હુઆ દીતી અઝાન કરકૅર વુઝૂ,
હુઈ જમાઅત જબ ખળી બાઘ આયા રૂબરૂ.
દહેશત લગી ફિર શેરકું રહા ખળા વાંકા વહાં,
ફારિગ હુએ પળકર નમાઝ ફેરા સલામ જબ મુમના.
ઉસ શેરકું ફિર દેખકર કંઈકુ લગા ખૌફ ખતર,
તબ આપને સબકુ કહા કુછ ખાંફ ન લેયાઓ મગર.
યે બાઘ સબકું છોડકર મેરે સૂ ઉપર આયેગા,
માંગો દુઆ સબ મિલ તુમી યે બાઘ મારા જાયેગા.
પૂજારી ઉસકે ખોફસે લકળેકી પેઠા પોલમેં,
લકળે ભીતર ધ્રૂજને કાપે બાઘકી વો હુલમેં.
આવાઝ ફાતિફસે હુવા કુછ ખૌફ ના કરીયો તુમી,
તુમ સબ ઉપર હેગા પનાહ દિલમેં ન કુછ ડરિયો તુમી.
મંગ કર દુઆ ફારિગ હુએ વોહ બાઘ જબ આયા ચલા,
જળબા પકડકર ચીર, દો ટુકડે કિયા ઉસકે ભલા.
પુજારી યે સબ દેખકર ભાગા વહા સે હો નિરાશ,
મુહમેં ન માવે સાંસ ફિર ફરિયાદ કી રાજા કે પાસ.
અપના જો ડેરા દેવ થાં વા આ ઘુસહ ખંદા સભી,
ઔર બાઘકા જળબા પકડકર ચીર ડાબા હૈ અભી.

ફેરા મુનાદી ફોજમેં પ્યાદા સ્વાર જલ્દી સે જાવ,
જીંદહ જો આએહે વહાં, ઉન્કું પકડકર બાંધ લાવ.
જો ફોજ આઈ જમ્અ હો ઉન્કું જો દેખી ભી નઝર,
સીંતલ કોઈ છાતી તલક ગળગઈ સો ધરતી કે ભીતર.
રાજાકું ફિર હુઈ ખબર લશ્કર ઉપર જંજાલ હૈ,
તબ આપને બાંધી કમર દેખુંમેં જા કયા હાલ હૈ.
દેખા જો જો નઝરસે સ્વાર પ્યાદા ઝમીં મેં ફસ ગએ,
છાંતી તલક, સાંતલ તકલ, કમર તરફ સબ ધસ ગએ.
વો દેખકર આયા ચલા નંગેકદમ હઝરત કે પાસ,
હાથ જોળા સામે જાય કે રહ્યા ખળા•હોકે નિરાસ.
દિવારસે પથ્થરકી પુતલીકું જો રાખા થા ખળા,
ઉંગલી ફીરાઈ ઉસ ઉપર દો ટોક હો ભુપર પળા.
કહેને લગા યું મુખસતી જો હો હુકમ લે આઉ બજા,
પસ દેખકર સાહેબકી સુરત રાજ ફરઝંદ ઝન તજા.
તબ આપને કહા મુસલમાં હોકર કલમાહકું પળ,
પયદા કરદ હૈ ખુદા વો એક હૈ કોઈ નઈ દિગર.
બરહક મુહમ્મદ (સ.) હૈ શહીદ, તહકીક કર તુ માનીયો,
ઔર ચાર યારા કે તઈ, દિલસે તુ હો પહચાનીયો.
હકને હિદાયત ઉસકો દી, દિલસે કિયા સારા કબૂલ,
દિલકા સચા કહેને લગા, હક હૈ બરહક રસૂલ.
ઉનકી કરામત દેખકર લે આયા સો ફિર ઈમાન કું,
હો કર મુસલમાં દિલસતી કલ્મા પળા દિલજાન સું.
પસ ચાર યાર અસ્હાબ તબ્અ તાબેઈન બારા ઈમામ,
બી ફાતિમા ઝોહરાને હઝરત પીરકા હુગા ગુલામ.
દિલસે નિકાલા કુફ્રકું ઔર દીનકું કાયમ કિયા,
લે આયા મેં ઈમાન સબ ઉપર ઔર રાજમેં તુમકો દિયા.
તબ આપને ઉસકો કહા હૈ ખાસ મેરા ભાઈ તું,
મુજકુ ન યે ચાહિયે બિલાદી રાજહ તું હસ રાજકું.

ભીતર ઝમી જો થે ઈસ અસ્વાર પ્યાદા કામદાર,
કહને લગે હમકુ નિકાલો કૈદ સે અય શેહસ્વાર.
હઝરતને તબ ઉનકું કહા કલમા પળો જલ્દી સે તુમ,
તુમકો નિકાલે કૈદસે ઈસ બાત પર રાજી હૈ હમ.
સબને પળા કલ્મા કુફર તોળા હુવે સબ મુસલમીન,
ઉનકું નિકાલે કૈદસે બુઝે તુમી કર કર યકીન.
હૈ ચાવડે, રાઠોડ, સોલંકી, ચવાન, પઢિઆર જો,
કઈ તરહી હૈગી સો જાતા હૈ અસાવ રજપૂત જો
રાજાકી લળકી એકથી સાહિબે હુસ્ન સાહિબે જમાલ,
હકને હિદાયત ઉસકું દી હોઈ મુસલમાન વો બહાલ.
પહુંચી કમાલીયતકું બીબીયું જો વોહ મન્ઝૂર હૈ,
હોગા લકબ જલ્વા સુરા ખલ્ક જો મશહૂર હૈ.
રાજા હુવા હંસરાજ ફિર સુંપા ઉસે રાજપાટ,
સિર પાવા દિયે સબ મુલ્ક બખ્શા લાવલશકરકા સો ઠાઠ.
કિતને બરસ ઉસને અમલ કિતા સો ઈસહી શહરમેં,
બાદ અઝ હુઆ સિદરાહી જયસંગ હાકિમવાલા નહરમેં.
જયસંગ થા ઉસકા ઈસ્મ, સિદ્ધરાજ થા ઉસ્કા લકબ,
જોગીઆ થા ઉસકા ગુરૂ, કહેતે થે સિદ્ધરા ઈસ સબબ.
પચાસ બરસ તક ઉને જગમેં અમલદારી કિયા,
થી બિસલખ બરછી ઉસે પન હકમને ગાશત કર દિયા.
સુલતાન રીયે બસ્તી ભીતર ઝિંદગી જાનગથી જીયે,
દુન્યા સતી ફિર કૂચકર પસ મૌતકી પ્યાલી પિયે.
હેગી સો ઈશ્કુલ્લાહ બસ બુઝે બ તારિખ વિસાલ,
પસ પાનસો છત્તીસ પર ફિર ઉઠ ચાલે સાહિબે કમાલ.
દેખો અઝીઝાં ગોર કર એકસોને બીસકી હુઈ ઉમર,
જીવો અગર અલ્ફ બરસ. આખિર કતૌ કરના સાફર.
રાજા રાજા અપની જગો થા ખુબ વો ઈસ્લામેં,
કરતા થા કારે દુન્યવી ડર હકસે સુબહ શામમેં.

ઉમ્ર જહા તકથી જીયા આખિર વોહી ગયા જો મર,
કરના મસ્જિદ કે સાથ તલહી સંગે મરમરકી કબર.

('હિલાલ' (માક્ષિક)માંથી સાભાર)

## મનકબત

### દરશાને હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ

**અઝ : સૈયદ દાદામિયાં 'મુહિબ' કાદરી**

સુલતાનો બા વકાર હૈ સુલતાન હાજી હૂદ
મહબૂબો કિરદિગાર હૈ સુલતાન હાજી હૂદ

હૈ લાડલે રસૂલ કે, શેરે ખુદા કે ભી
હસનૈન કે કરાર હૈ, સુલતાન હાજી હૂદ

'યા વલદી' કેહ કે ઉનકો પુકારા રસૂલને
મહબૂબિયત શઆર હૈ સુલતાન હાજી હૂદ

ઈશ્કે ખુદામેં, છોડ દિયા, તખ્તો તાજકો
અલ્લાહ પર નિસાર હૈ સુલતાન હાજી હૂદ

હુકમે નબીસે ગુલશને દીં કો હરા કિયા
ઈસ્લામકી બહાર હૈ સુલતાન હાજી હૂદ

લા રૈબ વોહ સુકૂને દિલે બે કરાર હય
ઔર રૂહકી કરાર હૈ સુલતાન હાજી હૂદ

હોગી મુરાદ પૂરી સલીકે માંગે તો
ગર ઝાઈરે મઝાર હૈ સુલતાન હાજી હૂદ

હર અહલે દિલને દેખી વહાં જન્નતી બહાર
જીસ ખીત્તો પર મઝાર હૈ સુલતાન હાજી હૂદ

અંગુશ્ત કે ઈશારે પણ બુત ગિર પડા 'મુહિબ'
વોહ મર્દે દીનદાર હૈ સુલતાન હાજી હૂદ.

## મનકબત

## દરશાને હઝરત ખ્વાજા સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ

**અઝઃ સૈયદ દાદામિયાં 'મુહિબ' કાદરી**

દિલમેં હૈ મેરે હસરત હાજી હૂદ બાબાકી
દેખું મૈં પ્યારી સૂરત હાજી હૂદ બાબાકી
આયા હું મૈં તો લેકર, ખ્વાહિશ તુમ્હારે દર પર
હો જાયે ફિર ઝિયારત હાજી હૂદ બાબાકી
પાયે મુરાદ દિલકી, માંગે જો ઉન્કે દર પર
રખતા હો દિલમેં ઉલફત હાજી હૂદ બાબા કી
સુલતાન થે તુમ બેશક અબ ભી સુલતાન હો
જારી હૈ હમ પર હુકૂમત હાજી હૂદ બાબાકી
નજરે કરમ તુમ્હારી રહમત હૈ વોહ ખુદા કી
પાઈ હૈ જીસ્ને શફક્કત હાજી હૂદ બાબાકી
કત્રેકો તુમને આકા દરિયા બના દિયા હૈ
'મુહિબ' લીખ્ખે યુ મિદહત હાજી હૂદ બાબાકી.

## ઇબ્ને શેરે ખુદા હૈ સુલતાન હાજી હૂદ (રદિયલ્લાહુ અન્હુ)

**અઝઃ- સૈયદ અહેસાનુલ હક 'એહસાન' કાદરી**

વારિષે અંબિયા હૈ સુલતાન હાજી હૂદ
નાઈબે મુસ્તફા હૈ સુલતાન હાજી હૂદ
પાટનમેં તુઝસે ફૈલા હૈ દીને ઈસ્લામ
ઈસ્લામકી ઝિયા હૈ સુલતાન હાજી હૂદ
બાતિન શઊર વાલોને આખિર યૂં કેહ દિયા
કૈસે કહેં કયા કયા હૈ સુલતાન હાજી હૂદ
શેરે બબર કો દૌનો હાથોંસે ચિર દિયા
ઈબ્ને શેરે ખુદા હૈ સુલતાન હાજી હૂદ
**'એહસાન'** મરતબા દરે સરકારકા મત પૂછ
દર જન્નતુલ માવા હૈ સુલતાન હાજી હૂદ

(ફલાહે ઈસ્લામ માસિકના ૧-૮-૨૦૦૮ના અંકમાંથી)

## સલામ

### બારગાહે હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ (રદિયલ્લાહુ અન્હુ)
### પીરાન પટ્ટન શરીફ

**અઝ : સૈયદ દાદામિયાં 'મુહિબ' કાદરી**

યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા
ગમઝદોંને પુકારા, લીજીએ સલામ હમારા...

તુમ હો નબીકે પ્યારે, અલીકે હો દુલારે
ચશ્મે ઝહરા કે તારે, સુન લો અરજ ખુદારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા...

હય શાન તુમ્હારી આલી, હો સમરકંદ કે વાલી
યા વલદી કેહ કે તુમકો, આકાને ખૂદ પુકારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....

ફૈલા હૈં દીન તુમસે, પાટનકી સરઝમીં પર
બુત ગીર પડે નીચે, જબ હો ગયા ઈશારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....

બિગડી મેરી બના દો, કિસ્મત મેરી જગા દો
કિશ્તી હય ભંવરમેં, મીલ જાય અબ કિનારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....

દુનિયા ભી સંવર જાયે, ઉકબા ભી સંવર જાયે
નજરે કરમકા કર દો, ઐસા કોઈ ઈશારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....

મંગતા હૂં મેં તુમ્હારા, છોડું ના દર તુમ્હારા
મુઝે આપકા સહારા, મુઝે આપકા સહારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....

ગૌષુલવરા કે સદકે, ખ્વાજા પીયા કે સદકે
દિખલાવો ખ્વાબમેં અબ, **'મુહિબ'** કો એક નઝારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....

# દરગાહ શરીફનું બાંધકામ

મહાન મુબલ્લિગ, સિરાજુલહિંદ હઝરત ખ્વાજા સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુનો મઝાર શરીફ પાટણમાં ખાનસરોવર દરવાજા પાસે આવેલ એક વિશાળ કબ્રસ્તાનમાં એક ઉંચા ઓટલા પર હતો. આપના મઝારની આસપાસ અને પાછળ કેટલાક અન્ય મઝાર શરીફ છે જે આપના કુટુંબીજનો અને સાથીઓના છે. આ ઓટલા પર લગભગ ૨૩ જેટલા મઝાર છે. જેના ફરતે ચારે બાજુ ૩ ફૂટ ઉંચી વંડી કરેલી હતી. ઉપર કોઈપણ જાતનું છત્ર હતું નહીં. મઝારના સિરાણાના ભાગમાં એક મહાકાય લીમડાનું વૃક્ષ હતું. જે છત્રનું કામ કરતું હતું. આ સ્થિતિ હિ.સ.૧૪૧૭ સુધી રહી.

મારા વાલિદ સાહેબ બાળપણમાં મને અવારનવાર પાટણ હઝરત ખ્વાજા હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુના મઝાર પર લઈ જતા અને કહેતા કે બેટા આ આપણા દાદાનો મઝાર છે. પાટણમાં ઈસ્લામના પ્રચાર અર્થે આવનાર સૌ પ્રથમ બુઝુર્ગ છે. આપની સિફતમાં જલાલ વધુ છે. જોનાર આપની આંખોમાં કુર્આન અને તલવારના દીદાર કરતો હતો. જે એક વખત આપથી નજરો મેળવી લેતો તે આપનો મોઅતેકીદ બની જતો હતો. આપનું વ્યક્તિત્વ ઘણું જ પ્રભાવશાળી હતું. આપના મઝારશરીફની ઝિયારત વખતે મને અનુભૂતિ થતી કે કે ખરેખર કોઈ મહાન વલીઅલ્લાહના રૂહાની દરબારમાં ઉભો હોઈએ એવું થતું હતું. જો કે મઝાર ઘણા પુરાણા અને સાદા હતા પણ તેની રૂહાનીયતથી ખાલી ન હતા. જેમ કે મદીનાએ મુનવ્વરામાં ખાતુને જન્નત બીબી ફાતિમહ ઝહરા (રદિયલ્લાહુ અન્હા) અને અન્ય બુઝુર્ગોના મઝાર આજે પણ બિસ્માર હાલતમાં જરૂર છે પણ રૂહાનિયતથી ખાલી નથી.

મારા વાલિદ સાહેબની પાટણ નજીક ચાણસ્મામાં નોકરી હતી હું ધોરણ ૨થી ૭ ચાણસ્મામાં ભણ્યો છું તે દરમિયાન પણ પાટણ જવાનું થતું અને તે પછી મારા વાલિદ (અબ્બા)ની બદલી વડનગર થઈ. જે થોડુંક દૂર હતું. છતાં ત્યાંથી પણ પાટણ જતા હતા. હું મારા અબ્બા (વાલિદ સાહેબ)ને પૂછતો કે આટલા મોટા બુઝુર્ગના મઝાર પર ગુંબદ કેમ નથી ? તો તેઓ કહેતા કે બેટા હઝરતનો હુકમ નથી નહીંતર તેમની ઔલાદમાં ઘણા સુખી માણસો છે જે તરત જ દરગાહ બનાવી દે પણ આ એક રહસ્ય છે. જે અલ્લાહતઆલા અને તેના પ્યારા વલી જ જાણતા હોય છે.

હું જ્યારે જ્યારે આપના મઝાર પર હાજરી આપતો ત્યારે ત્યારે એક વિચારમાં ખોવાઈ જતો કે કેમઆપના મઝાર પર ગુંબદ નથી ! મેં પાટણમાં કેટલાકને પૂછયું તો એક જ જવાબ મળતો કે હઝરત તરફથી રજા નથી. ખૈર ૧૯૭૬માં મારે વડનગરથી રૂપાલ આવવાનું થયું. અહીંયા દીની ખિદમાત અંજામઆપવાનું શરૂ કર્યું, લખવાનો શોખ વિદ્યાર્થી જીવનમાંથી હતો.

ઈ.સ.૧૯૮૫માં મેં હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુના જીવન પર એક કિતાબ લખી અને તેનું યોગ્ય નામઅને કિતાબ માટે અભિપ્રાય લખાવવા હું અહમદઆબાદ શાહેઆલમમાં દરગાહશરીફની શાહી મસ્જિદના તે સમયના ખતીબુલ ઈમામહઝરત મૌલાના સૂફી નઝીર અહમદ 'નઝર' મુરાદાબાદી સાહેબ પાસે ગયો તેઓ અરબી, ફારસી અને ઉર્દૂના વિદ્વાન, આલિમ, ખ્યાતનામશાઈર હતા. હઝરત હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુનું નામસાંભળતા જ ઘણા જ ખુશ થયા અને કહ્યું 'અરે કાદરી સાહેબ યે તો બહોત બળે પાયે કે બુઝુર્ગ હૈ. અકાબેરીન બુઝુર્ગોમેં ઈન્કા મકામહૈ. પછી મારૂં લખાણ જોયું જે ગુજરાતીમાં હતું છતાં આપે નજર કરી અને હવાલા ચેક કરવા પોતાની પાસે જે કિતાબો હતી તેમાં જોઈને મને તે કિતાબ પર કિંમતી અભિપ્રાય લખી આપ્યો અને કિતાબનું નામ'જલ્વ-એ-હૂદ' રાખવા કહ્યું. મેં એ પ્રમાણે એ કિતાબને જલ્વ-એ-હૂદ નામઆપ્યું. ગૌંડલની સુન્ની મુસ્લિમકમિટીએ તેનું પ્રકાશન કરી ફ્રીમાં વહેંચણી કરી.

કિતાબ જલ્વ-એ-હૂદ (પ્રથમઆવૃત્તિ) વાંચીને ઘણાને પાટણ જવાનો શૌખ પેદા થયો. હઝરતના વંશજો જે અહમદઆબાદમાં ખાસ કરીને રાયખડ, સૈયદવાડાના કાદરી સૈયદો જે કાદરી કુટુંબ તરીકે ઓળખાય છે. હું પણ એ જ ખાનદાનનો એક ફર્દ છું. મારા કાદરી કુટુંબ દર વર્ષે ઉર્સ પર પાટણ જવાનું નક્કી કર્યું. એક સારા સિલસિલાની શરૂઆત થઈ. જો કે હઝરતનો સંદલ અને ઉર્સ પાટણમાં રહેતા આપના વંશજો કરતા જ હતા. પણ હવે તેમાં વધારો થવા લાગ્યો. ધીમે ધીમે લોકો ઉર્સમાં ભાગ લેવા લાગ્યા. પાટણ અને અહમદઆબાદ સિવાય કડી, રૂપાલ, અને દૂર-દૂરથી પણ ઝાઈરીનોનો કાફલો વધવા લાગ્યો. આ બધું જોઈને મને એમથયું કે, 'જલ્વ-એ-હૂદ' કિતાબ મકબૂલ થઈ ગઈ.

હિ.સ.૧૪૧૬ના ઉર્સના મૌકા પર અમે સૌ હાજર હતા. જેમાં અહમદઆબાદના કાદરી કુટુંબના પણ ખાસ હાજર હતા અને મેં એક રજૂઆત કરી કે જુઓ હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુનો જન્મ હિ.સ.૪૧૬માં થયો હતો. એટલે આ વર્ષે આપના જન્મને એક હઝાર (૧૦૦૦) વર્ષ પૂરા થતા હોઈ આ મૌકા પર કોઈ સારો પ્રોગ્રામ બનાવવો જોઈએ. જે પ્રોગ્રામ એક યાદગાર બની રહે. દરેકને આ વાત પસંદ પડી અને હઝરતના વંશજોએ અહમદઆબાદ, રાયખડ, સૈયદવાડમાં જનાબ સૈયદ ઝહુરુલ હક એમ.કાદરી સાહેબના પ્રમુખપદે એક મીટિંગ બોલાવીને હઝરત સૈયદ સુલતાન હાજી હૂદ બાબાસાહેબની ૧૦૦૦મી વિલાદતના મૌકા પર એક હઝારમી જશ્ને વિલાદત હાજી હૂદ ઉજવવાનો પ્રોગ્રામ બનાવ્યો જેમાં મુખ્ય કાર્ય સૂચી આ રીતે હતી.

(૧) પરંપરા મુજબ હઝરતનો ઉર્સ ઉજવવો
(૨) એક સોવેનિયરનું પ્રકાશન કરવું.
(૩) સૂફીવાદ પર સેમિનાર રાખવો.
(૪) હઝરતની દરગાહ શરીફનું બાંધકામ કરવું.


હઝરતના વંશજો (કાદરી કુટુંબ)એ એક સોવેનિયરનું સંપાદન કાર્ય અને દરગાહશરીફના બાંધકામનું કાર્ય મને સોંપવાનું નક્કી કર્યું. અલ્લાહના ફઝલો કરમથી બંને કામ સારીરીતે પૂરા થયા. જે સૌ જાણે છે. 'હૂદ સ્મૃતિકા' નામે સોવેનિયરનું સંપાદન પણ મેં કર્યું અને દરગાહશરીફના બાંધકામની કામગીરી પણ અંજામ આપી. આજે આપનો રોઝો (દરગાહ) આપ જોઈ શકો છો. સતત ૭ વર્ષ રૂપાલ અને પાટણ વચ્ચેના ધક્કાઓ મારા જીવનની યાદગાર ક્ષણો છે. હું ઘણો જ ખુશ છું એ માટે કે હઝરતની દરગાહ બનાવવાના કાર્યમાં ઘણા અવરોધો આવતા પણ મક્કમતાની સાથે તેઓ ટકી શકયા નહીં. મારૂં મનોબળ કમજોર કરવા માટે પણ જાતજાતના પ્રયત્નો થયા પણ જે ખુદાને મંજૂર હોય તે જ થાય.

દરગાહશરીફનું કામ શરૂ કરતાં પહેલાં હું હઝરતના કદમોમાં બેસી ગયો. (મઝારની પંગતે) અને ખૂબ ખૂબ રડી રડીને દુઆઓ કરી અને હઝરતને પણ અરજ કરી. સરકાર આપની શાન અને મર્તબા પ્રમાણે દરગાહ હોવી જ જોઈએ મને રજા આપો હું તો આપની ઔલાદ આપનો આશિક,

આપનો અદનો ગુલામ છું, સરકાર મારી લાજ આપના હાથમાં છે. હું કામ શરૂ કરૂં છું મને પૂરી ઉમ્મીદ છે. મને આપ નિરાશ નહીં કરો. આ દુઆથી ફારિગ થતાં જ મારા પગોમાં હિંમત આવી દિલની ગભરાટ દૂર થઈ. એક પ્રકારની રાહત મહેસૂસ થઈ મને યકીન થઈ ગયું કે આજે હું દુઆમાં કામિયાબ થયો છું અને પછી દરગાહશરીફના કામની શરૂઆત કરી દીધી. ધીમે ધીમે તબક્કાવાર કામ ચાલતું રહ્યું. આ કામમાં હઝરતના વંશજો (મારા કુટુંબીજનો), મારા મુરીદો, મોઅતિકીદો અને મિત્રોનો ફાળો મોટો છે. જેમના સાથ, સહકાર સહયોગથી આપની શાનદાર દરગાહનું નિર્માણ કાર્ય પરિપૂર્ણ થયું. આ તકે હું મારા કાદરી કુટુંબનો અને મારા મિત્રો, મુરીદો અને મોઅતિકીદોનો આભારી છું.

દરેકની જાણકારીમાં વધારો થાય તે માટે અને પાછળની પેઢીને યાદ રહે તે માટે અહીંયા રોઝો દરગાહ (ગુંબદ) બન્યા પહેલાની દરગાહ જે ખુલ્લી હતી તેનો અને દરગાહશરીફ બન્યા પછીનો બંનેના ફોટા આપવામાં આવેલ છે.

**હિ.સ.૧૪૧૭ ઇ.સ.૧૯૯૬ સુધી દરગાહ શરીફની જે સ્થિતિ હતી તેની તસવીર.**




## હિ.સ.૧૪૧૭ ઇ.સ.૧૯૯૬ પછી નવનિર્માણ પામેલ દરગાહશરીફની ચારે દિશા તરફથી લીધેલ તસવીરો.









## ગુલશને હૂદના મહેંકતા ફૂલ...

અબુલ બરકાત, સિરાજુલહિંદ શેરેસાની કુતુબુલ અકતાબ, હઝરત સુલતાન સૈયદ શાહ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની અવલાદમાં અલ્લાહતઆલાએ ફૈઝ, બરકત અને કરામતોનો સિલસિલો જારી રાખ્યો, આપના વંશમાં એવી મહાન હસ્તીઓ પૈદા થઈ જેમણે પોતાના ઈલ્મ, અમલ, કિરદાર, અને રૂહાની તશર્રૂફાતથી ગુજરાતમાં જ નહીં પૂરા હિન્દુસ્તાન અને બહાર પણ નામના મેળવી છે. દીની-દુનિયાવી બંને ક્ષેત્રમાં આપની અવલાદનું ગુલશન પુર બહાર રહ્યું છે અને તેમાં કેટલાક ફૂલો તો એવા મહેંકયા જેની ખુશબૂ આજ સુધી મહેંકી રહી છે આ ગુલશને હૂદ મહેંકતા ફૂલો પૈકીના એક અહમદઆબાદ (અમદાવાદ શહેરનો પાયો (બુનિયાદ) જે ચાર અહમદ નામના પવિત્ર પુરૂષોના હાથે નંખાયો તે પૈકીના એક

## હઝરત મખદૂમ સૈયદ કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહ

અહમદઆબાદ (અમદાવાદ)ની સ્થાપના કરનારા ચાર પવિત્ર અહમદો પૈકીના આપ એક છે. આપનું નામ સૈયદ અહમદ છે. કાઝી અને જૂદ આપના માનવંતા લકબો છે. આપના વાલિદ (પિતા)નું નામ સૈયદ અલી ઉર્ફે સુલયમાન ફકીહ હતું જે પોતાના સમયના મહાન વલી અને ઉચ્ચ કક્ષાના ફકીહ (ઈસ્લામી ધર્મ શાસ્ત્રના વિદ્વાન) હતા.

હઝરત કાઝી સૈયદ અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહનો શજરએ નસબ આ પ્રમાણે હઝરત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુને જઈને મળે છે. હઝરત કાઝી અહમદ જૂદ બિન સૈયદ અલી સુલયમાન ફકીહ બિન સૈયદ ખલીલુલ્લાહ બિન સૈયદ સુલયમાન બિન સૈયદ કાસિમ બિન સૈયદ મુહમ્મદ બિન સૈયદ ઈસ્હાક બિન સૈયદ ઈસ્માઈલ બિન સૈયદ સુલતાન હાજી હૂદ(રિદવાનુલ્લાહિ તઆલા અલયહિ અજમઈન)

હઝરત કાઝી અહમદે પોતાના પિતા અને કાકા પાસેથી ઈલ્મ હાંસિલ કર્યું, અને મહાન જ્ઞાની ધર્મ પુરૂષ બન્યા. આપ આશિકે રસૂલ અને આરિફે બિલ્લાહ હતા, ઈશ્કે ઈલાહીમાં મસ્ત અને હુબ્બે નબીમાં ફના થઈ ગયા હતા. ગુજરાતમાં આપની તાલીમ અને તલકીનથી ઘણા સુધારા વધારા થયા. આપનો તવક્કલ અને સબ્ર અજોડ હતો. જોહદો-તકવામાં આપ ઘણા જ મશહૂર હતા. હંમેશા ઈબાદત અને રિયાઝતમાં પ્રવૃત્ત રહેતા હતા. ઈલ્મે જાહિરી અને ઈલ્મે બાતિનીમાં દરજ્જએ કમાલ સુધી પહોંચ્યા હતા. આવી અનેક ખૂબીઓ અને મોટા દરજ્જાથી બિરાજમાન હોવા છતાં આપનામાં નમ્રતાનો ગુણ વિશેષ હતો. આપનાથી અનેક કરામતો જાહેર થઈ છે.

## બયઅત અને ખિલાફત

આપ હઝરત શૈખ અહમદ ગંજબખ્શ ખટ્ટુ મગરિબી સરખેજી રહમતુલ્લાહ અલયહના મુરીદ અને ખલીફા હતા. હઝરત શૈખ અહમદ રહમતુલ્લાહ અલયહને પણ આપના પ્રત્યે ઘણો આદારભાવ હતો. તેમની ખિદમત ખૂબ જ પસંદ ફરમાવતા હતા અને પીરો મુરશિદ આપને હંમેશા માટે 'ખલીફાએ આઝમ' કહીને સંબોધતા હતા.

ગુજરાતના બાદશાહ અહમદશાહે પણ હઝરત કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહ પ્રત્યે ઉંડી શ્રદ્ધા હતી. આપ ઈલ્મે ફિકહના મહાન આલિમ હોવાથી આપને પાટણ (પીરાન પટ્ટન)ના કાઝી નીમ્યા હતા. આપ મશહૂર વાએઝીન હતા. આપની તકરીર સાંભળવા માટે લોકો દૂર દૂરથી આવતા હતા. બીજા બુઝુર્ગોની જેમ આપને પણ અહમદાબાદ આવી વસવા માટે બાદશાહે દાવત આપી પરંતુ આપ શાંતિ અને એકાંતપ્રિય હોવાથી આપે પાટણમાં જ રહેવાનું જ પસંદ ફરમાવ્યું.

## અહમદાબાદની બુનિયાદ

ગુજરાતના બાદશાહ સુલતાન અહમદ શાહે સાબરમતી નદીના કિનારે નવું શહેર બાંધવા માટે શૈખ ગંજ બખ્શ અહમદ ખટ્ટુ રહમતુલ્લાહ અલયહ પાસે પરવાનગી માગી, તો આપે આ બાબતે હઝરત ખિઝર અલૈહિસ્સલામની રજા મેળવી પણ હઝરત ખિઝર અલૈહિસ્સલામે આ શરતે રજા આપી કે ચાર એવા અહમદ ભેગા થઈને આ શહેરની બુનિયાદ (પાયો) નાંખે જેમની કદી પણ અસરની નમાઝ કઝા ન થઈ હોય.

હઝરત ખિઝર અલૈહિસ્સલામના રૂહાની આદેશ મુજબ ચાર અહમદ ભેગા થયા જેમાં પહેલા હઝરત શૈખ અહમદ ગંજબક્ષ ખટ્ટુ સરખેજી રહમતુલ્લાહ અલયહ, બીજા બાદશાહ સુલતાન અહમદશાહ રહમતુલ્લાહ અલયહ પોતે, ત્રીજા હઝરત મલિક અહમદ રહમતુલ્લાહ અલયહ અને ચોથા હઝરત કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહ છે. આ ચારે પવિત્ર અહમદોના મુબારક હાથે ૨ જીલકાદ હિ. ૮૧૩ ગુરૂવાર અને ૨૬મી ફેબ્રુઆરી ઈ.સ.૧૪૧૧ના રોજ શહેર અહમદાબાદ (અમદાવાદ)ની બુનિયાદ (પાયો) મુકાઈ. (ગુજરાતનો સાંસ્કૃતિ ઈતિહાસ ભાગ-૨ પે.૩૨૯)

## ઝિંદા કરામત

હઝરત કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહનો મઝાર શરીફ આજે પણ ફૈઝ અને બરકતનો મર્કઝ બનેલો છે. અનેક હઠીલા રોગો ભૂત-પ્રેત-જીન્નાત અને ગેબી બીમારીઓનો ઈલાજ થાય છે. જે આવે છે તે શિફા મેળવે છે આજે પણ આ ઝિંદા કરામત જોઈ શકાય છે. (ગુલશને જૂદ, તારીખ સુફીયાએ ગુજરાત)

આપની દરગાહ શરીફના સંકુલમાં એક દરખ્ત (ઝાડ) છે. જેના અઢી (રાા) પત્તા ખાઈને આપની મન્નત રાખનાર ઓરતને ઔલાદ થાય છે. આપની આ કરામત આજે પણ જારી છે અનેક બે અવલાદ ઔરતોની મુરાદ પૂરી થયાના દાખલા મોજૂદ છે.

**'પસ કાઝી અહમદ જૂદ પર જીસે યકી સાબિત ધરે,**
**પળ ફાતેહા માગે દુઆ મકબૂલ હાંસિલ રબ કરે.'**

**વફાત**

હઝરત મખદૂમ કાઝી સૈયદ અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહ ૧૦મી શવ્વાલ હિ.સ.૮૪૦ અને ૧૩ જુલાઈ ઈ.સ.૧૪૩૭ના રોજ આ ફાની દુનિયાથી વિદાય થઈ બહિશ્ત નશીન થયા. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન. આપનો મઝાર પાટણ (પીરાનપટ્ટન)માં મોતીશાહ દરવાજાથી ખાન સરોવરના જવાના માર્ગ પર આવેલ છે. આપના મઝાર પર સંગે મરમરની તખ્તી લગાડેલી છે. જેના પર અહમદઆબાદના સ્થાપક છે તેવું સ્પષ્ટ લખેલ છે. (ગુજરાત સાંસ્કૃતિક ઈતિહાસ, ગુલશને જૂદ)


હઝરત મખદૂમ સૈયદ કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહની દરગાહમાં પૂર્વ દિશાની દીવાલમાં સફેદ આરસની એક તખ્તી આજે પણ મોજૂદ છે. જેમાં ફારસી ભાષામાં લખેલ છે કે આપ શહેર અહમદઆબાદના સ્થાપકો પૈકીના એક છે અને આપની વફાત તારીખ દર્શાવવામાંઆવેલ છે.

**અહીયા તે તખ્તીની ફોટો કોપી રજૂ કરવામાં આવે છે.**





મઝાર શરીફ :- હઝરત મખ્દૂમ સૈયદ કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહ (પાટણ)



દરગાહ શરીફ : હઝરત મખ્દૂમ સૈયદ કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહ (પાટણ)

## અહમદઆબાદનું જૂનું ખાનદાન

અહમદઆબાદના લોકોને રસમય એવી અનેક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે અહમદાબાદ વસાવનાર ચાર પવિત્ર અહમદોમાં એક હઝરત કાઝી અહમદ જૂદ રહમતુલ્લાહ અલયહ પણ છે અને તેમના વંશમાં આજે અહમદાબાદના સુપ્રસિદ્ધ શહેરીઓ, સરદાર શમસુદ્દીન સૈયદમિયાં કાદરી અને સર મહબૂબમિયાં કાદરી છે. આ રીતે શાહ સુલતાન શાહ હાજી હૂદનો ખાનદાન, આજે અહમદાબાદમાં વસતા સૌથી જૂના ખાનદાનોમાંથી છે. આ ખાનદાનના નબીરાઓએ આજે પણ રાષ્ટ્ર, રાજ્ય, ખાનગી તેમજ સહકારી ક્ષેત્રમાં ઉચ્ચ અને અગત્યની પદવીઓ હાંસિલ કરી છે અને અગત્યની સેવાઓ આપે છે. ('ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ-૨-૩૨૨)

## હઝરત ગૌષુલવરા સૈયદ હસન ફકીહ રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ હસન છે. લકબ ફકીહ અને ખિતાબ ગૌષુલવરા છે. આપના વાલિદ સૈયદ કુતુબુદ્દીન મહમૂદ જે મહાન આલિમ અને કામિલ વલી હતા. ઈલ્મે ફિકહ અને હદીસના નિષ્ણાત હતા. હઝરત હસન ફકીહે પોતાના વાલિદ અને કાકા હઝરત સૈયદઅલી ફકીહ પાસેથી જ તાલીમ (શિક્ષણ) મેળવી હતી. આપ મકાન ફકીહ બન્યા હતા. (ઈસ્લામી ધર્મશાસ્ત્રના નિષ્ણાતને ફકીહ કહેવાય છે.) માટે જ આપ હસન ફકીહના નામે ઓળખાયા. આપ ઈલ્મે બાતિની એટલે રૂહાનિયતના દરજ્જામાં આપ મકામે ગૌષીયત સુધી પહોંચેલા હતા. આપનો મઝાર ગૌષુલવરાના મઝાર તરીકે જ મશહૂર છે. આપ મુસ્તુજા બુદદાવાત (એટલે જેની દુઆ કુબૂલ થાય તેવી વ્યક્તિ)

હતા. જરૂરતમંદ લોકો આપની પાસે દુઆ કરાવવા આવતા અને ફૈઝ મેળવતા દરેકની મુરાદ પૂરી થતી હતી. હંમેશા આપની પાસે લોકોની ભીડ રહેતી હતી. હઝરત કુતુબેઆલમ બુખારી રહમતુલ્લાહ અલયહના મોટા દીકરા હઝરત નાસીરૂદીન મુહમ્મદ દરિયાનોશ રહમતુલ્લાહ અલયહે 'મરહમત નામાએ બુરહાની' કિતાબ લખી છે. જેમાં ગૌષુલવરા હસન ફકીહ રહમતુલ્લાહ અલયહના ખૂબ વખાણ લખ્યા છે.

આપ ઈબાદત અને રિયાઝતમાં વધુ સમય ફાળવતા હતા. દર્સો તદરીસમાં પણ મશગૂલ રહેતા. આપ બહુ મોટા મુસન્નીફ (લેખક) હતા. આપે ઘણી કિતાબો લખી જે હાલ અપ્રાપ્ય છે આપની મશહૂર કૃતિ 'રિસાલા એ રહમત' છે. (પીરનામા)

હઝરત કુતુબેઆલમ બુખારી રહમતુલ્લાહ અલયહ અને હઝરત શૈખ અહમદ ખટ્ટુ મગરિબી સરખેજી રહમતુલ્લાહ અલયહ, અને હઝરત ખ્વાજા રૂકનુદ્દીન કાનેશકર ચિશ્તી ફારૂકી રહમતુલ્લાહ અલયહની મુબારક અને પવિત્ર સેવામાં અને સોહબતમાં રહેવાની અનમોલ તક હઝરત ગૌષુલવરા હસન ફકીહ રહમતુલ્લાહ અલયહને મળી હતી. આ બુઝુર્ગોથી આપે રૂહાની ફૈઝ અને બરકતો હાંસિલ કરી, અને દરજ્જએ કમાલીયત સુધી પહોંચ્યા હતા.

આપના ફરઝંદ પણ મહાન વલીએ કામિલ હતા. જેમનું નામ હઝરત સૈયદ નૂરૂલ્લાહ આલમગીર રહમતુલ્લાહ અલયહ છે. જે આપના વાલિદના મુરીદ અને ખલીફા બન્યા અને વાલિદના નકશે કદમ પર ચાલી દીનની સેવા સતત ચાલુ રાખી. હઝરત ગૌષુલવરા હસન ફકીહ રહમતુલ્લાહ અલયહની એક દીકરી પણ હતા. જેમનું નામ હઝરત બીબી સફીયા હતું. આ દીકરી ખૂબજ મુત્તકી અને આબિદા-ઝાહિદા પારસા ખાતૂન હતા. તેમની શાદી એ સમયના મહાન બુઝુર્ગ હઝરત સૈયદ નશીરૂદીન મહમૂદ જહાંશાહી રહમતુલ્લાહ અલયહ સાથે થઈ હતી. તેમનાથી જે ફરઝંદ થયા તેમનું નામ હઝરત સૈયદ અબૂ સાલેહ શરફુદીન હુસૈન રહમતુલ્લાહ અલયહ જેમનો મશહૂર લકબ છે હઝરત પીર દાદા મહાવલી (માહબલી). (નોંધ : હકીકતમાં 'માહેવલી' છે.)જેમનો શાનદાર રોઝો ગોતરકા (તા.રાધનપુર, જિ.પાટણ)માં આવેલ છે. એટલે હઝરત ગૌષુલવરા હસન ફકીહ રહમતુલ્લાહ અલયહ ગોતરકાના મહાન વલીએ કામિલ પીર મહાવલીના નાનાજાન થાય છે.

આપનો શજર એ નસબ આ પ્રમાણે છે. હઝરત સૈયદ હસન ફકીહ ગૌષુલવરા બિન સૈયદ કુતુબુદ્દીન મહમૂદ, બિન સૈયદ ખલીલુલ્લાહ બિન સૈયદ સુલયમાન, બિન સૈયદ કાસિમ બિન સૈયદ મુહમ્મદ બિન સૈયદઈસ્હાક બિન સૈયદ ઈસ્માઈલ બિન હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ રિદવાનુલ્લાહિ તઆલા અલયહિ અજમઈન. 30-10-૨૪૪૫ રવિવાર

હઝરત ગૌષુલવરા હસન ફકીહ રહમતુલ્લાહ અલયહની વફાત ૨૮ રજ્જબ હિ.સ.૮૪૯ ઈ.સ.૧૪૪૫ના દિવસે થઈ હતી. આપનો મઝાર શરીફ પાટણ (પીરાન પટ્ટન)માં ખાન સરોવર દરવાજા પાસે જલાલ શહીદ બાવાની દરગાહ સામે

અને હઝરત મૌલાના મુહમ્મદ બિન તાહિર પટની રહમતુલ્લાહ અલયહના રોઝાની આગળ આવેલ છે. જે ગૌષુલવરાના મઝારથી પ્રખ્યાત છે. (તવારિખુલ ઔલિયા-૨-૪૯૬)

**'યા ખુદા બહરે હસન, ગૌષુલવરા કામિલ ફકીહ**
**યાદ સે અપની બના દે મેરે દિલકો તૂ વજીહ.'**

**દરગાહ શરીફ :- હઝરત ગૌષુલવરા સૈયદ હસન ફકીહ રહમતુલ્લાહ અલયહ (પાટણ)**



**મઝાર શરીફ :- હઝરત ગૌષુલવરા સૈયદ હસન ફકીહ રહમતુલ્લાહ અલયહ (પાટણ)**



## હઝરત સૈયદ શાહ નૂરૂલ્લાહ આલમગીર હૂદી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ નૂરૂલ્લાહ છે. આપ હઝરત ગૌષુલવરા હસન ફકીહના ફરઝંદ છે. આપ ઈલ્મો ફઝલમાં પોતાના સમયમાં અજોડ બુઝુર્ગ હતા. ખાનવાદએ હઝરત સુલતાન હાજી હૂદના વારસામાં આપને ઈલ્મ, ફઝલ, કશ્ફ, કરામાત અને ઈરફાને શરીઅત, તરીકત, હકીકત અને મઅરિફત મળી હતી. ખૂબજ મુત્તકી અને પાબંદે શરીઅત બુઝુર્ગ હતા. હંમેશા રોઝા રાખતા હતા. પૂરી રાત ઈબાદતોમાં ગુજરતા. ૨૦૨ (બસો બે) ઈબાદતના ચિલ્લા કર્યા અને અનેક વખત પેદલ (પગપાળા) હજ અદા કરી અને મદીનાએ મુનવ્વરાથી આપને હુઝૂર આકા વ મૌલા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે 'આલમગીર'નો લકબ અતા કર્યો આપને 'નૂરૂલ્લાહ અકબર' તરીકે પણ ઓળખવામાં આવે છે. આપના ફરઝંદ પણ વાલિદના નકશે કદમ પર ચાલીને વલીએ કામિલ બન્યા જેમને હઝરત સૈયદ શાહ અબ્દુલ અઝીઝ 'વિસાલી'ના મુબારક નામથી ઓળખીએ છીએ. અને તેમના પુત્ર પણ બાપ અને દાદાના માર્ગપર જ કાઈમ રહ્યા. જેમણે સૈયદ શાહ નૂરૂલ્લાહ અસગરના નામથી ખ્યાતિ મેળવી. આમ હઝરત શાહ આલમગીર નૂરૂલ્લાહ હૂદી રહમતુલ્લાહ અલયહ ખાનવાદએ સુલતાન હાજી હૂદને નુરુન અલા નૂર કરી દઈ. હિ.સ.૯૪૪ ઈ.સ.૧૫૧૭માં દુનિયાથી પરદો ફરમાવી ગયા.

## શમશીરે ઇલાહી હઝરત સૈયદ અબ્દુલ અઝીઝ 'વિસાલી' રહમતુલ્લાહ અલયહ

આપનું નામ મુબારક સૈયદ અબ્દુલ અઝીઝ અને લકબ 'શમશીરે ઈલાહી' હતો. આપ શાઈર હતા. આપનું તખલ્લુસ 'વિસાલી' છે. આપ ઔલિયાએ કિરામમાંથી છે. આપનો મરતબો 'અવતાદ'નો છે.

આપ હઝરત શાહ નૂરૂલ્લાહના ફરઝંદ અને ગૌષુલવરા ફકીહ હસનના પૌત્ર થાય છે. આપે ઈલ્મે શરીઅત પોતાના વાલિદ પાસેથી ગ્રહણ કર્યું. ત્યારબાદ સુફીયાએ કિરામની ખિદમતમાં હાજર થયા અને આપ પર ઈલ્મેલદુન્ની જાહેર થયો. આપે લોકોને સીધો માર્ગ બતાવવાની સેવા શરૂ કરી.

આપનું કામ આપના બુઝુર્ગોથી કંઈક ભિન્ન પ્રકારનું હતું. કારણ કે હવે ગુજરાતમાં ઈસ્લામી હુકૂમત કાયમ થઈ ચૂકી હતી. સુલતાનો અને અમીર ઉમરાવો બલ્કે દુરવેશોમાં પણ બદઅખલાકીઓ પેદા થઈ ગઈ હતી. જે કૌમની પડતીનું કારણ રૂપ હોય છે. મુસલમાનો શરીઅતના વિરૂદ્ધ આચરણ કરતા હતા. હવે આપનું કામ એ હતું કે મુસલમાનોને ગુમરાહીથી બચાવવા અને આપે આ જવાબદારીને સંપૂર્ણ અદા કરી.

આપ હાફિઝે કુર્આન અને હદીષે પાકના મોટા આલિમ હતા. આ કારણે જ

લોકો આપની મજલિસમાં ખૂબ મજા માણતા હતા. અલ્લાહ પાકે આપના કલામમાં એવી બરકત આપી હતી કે જે સાંભળતા હતા તે આપના મોઅતેકીદ (શ્રદ્ધાળુ) બની જતા અને લોકોની ઈસ્લાહ થતી. આપે લખેલ કિતાબનું નામ 'રિસાલા ઈન્તેખાબ મનાઝિલુલ ઔલિયા' છે.

આપ મહાન શાઈર પણ હતા. 'વિસાલી' આપનો તખલ્લુસ હતો, આપની શાઈરીમાં મુસલમાનોને નસીહતની વાતો કહી છે. આપ નિડર હતા, હક કહેતા અને હક લખતા હતા. જ્યારે અકબર બાદશાહે ગુજરાતને ફતેહ કર્યું એટલે ઈ.સ.૧૫૭૫ હિજરી સન ૯૮૬માં આપનો વિસાલ થયો. (ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન)

**બહરે શમશીરે ઇલાહી સૈયદે અબ્દુલ અઝીઝ**
**કર અતા યા રબ જરૂરતકી મુઝે હર એક ચીઝ.**

## સિરાજુલ મુઅમિનીન હઝરત સૈયદ અમાનુલ્લાહ રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ અમાનુલ્લાહ અને લકબ સિરાજુલ મુઅમિનીન છે. આપ વલીઅલ્લાહ હતા. ઈલ્મે ઈરફાનીના મોટા જાણકાર બુઝુર્ગ હતા. શરીઅતના ચુસ્ત પાબંદ હતા. આપનો જમાનો અકબર બાદશાહનો આખરી જમાનો હતો. આપ શૈખુલ આરિફીન હઝરત શાહ અસદુલ્લાહ રહમતુલ્લાહ અલયહના કાકા થતા હતા.

## સિરાજુસ સાલિકીન શૈખુલ આરિફીન હઝરત સૈયદ શાહ અસદુલ્લાહ કાદરી રહમતુલ્લાહ અલયહ

**ફિર હુવે હૈ શાહ અસદુલ્લાહ આલી ખાનદાન'**
**જીન્કે આગે એક તમાશા બન ગયે દૌનું જહાન'**

આપનું નામ સૈયદ અસદુલ્લાહ છે. આપના વાલિદ સાહેબનું નામ સૈયદ મહબૂબુલ્લાહ ઉર્ફે મુજીબુર્રહમાન છે. આપ હઝરત ખ્વાજા સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની ઔલાદમાંથી છે અને અહમદઆબાદમાં આવી વસનાર હાજી હૂદ ખાનદાનના આપ પ્રથમ બુઝુર્ગ છે.

આપ મહાન આલિમ અને કામિલ વલી હતા. સિલસિલાએ કાદરિયાહના પ્રચારક અને પ્રવકતા હતા. આપે ઘણા પુસ્તકો લખ્યા છે. આપના મુબારક હાથે લખાયેલ કિતાબની કલમી પ્રત (હસ્તલિખિત પ્રત) 'અલમિનહલુસ્સાફી ફી સર્હુલ વાફી' આજે પણ અહમદઆબાદની મશહૂર લાઈબ્રેરી પીર મુહમ્મદ શાહ કુતુબખાનામાં સલામત છે.

પંજાબ પ્રાંતમાં આપના મુરીદો અને મો'તકિદીનની સંખ્યા ઘણી હતી. આપ હઝરત ગૌષુલ આઝમ પીરાનેપીર દસ્તગીર સૈયદના શૈખ અબ્દુલ

કાદિર જીલાની રદિયલ્લાહુ અન્હુનો ઉર્સ ખૂબ શાનદાર રીતે ઉજવતા હતા. આપ પોતાના વાલિદ રહમતુલ્લાહ અલયહના મુરીદ અને ખલીફા હતા.

આપના ફરઝંદ હઝરત શૈખુલ મશાઈખ સૈયદ શાહ મહબૂબુલ્લાહ કાદરી રહમતુલ્લાહ અલયહ પણ મહાન વલીએ કામિલ હતા. હઝરત સૈયદ ઉસ્માન શમ્એ બુરહાની રહમતુલ્લાહ અલયહ આપના સમદી (વેવાઈ) થતા હતા. હઝરત

શાહ મહબૂબુલ્લાહનો મઝાર અહમદઆબાદ રાયખડ સૈયદવાડ પાસે ગાયકવાડ હવેલીને અડીને આવેલ છે.

શૈખુલ આરિફીન હઝરત સૈયદ અસદુલ્લાહ કાદરી રહમતુલ્લાહ અલયહનો જમાનો બાદશાહ શાહજહાંનો જમાનો હતો. આપની વફાત ૧૭મી જમાદીઉસ્સાની હિ.સ.૧૦૪૧ ઈ.સ.૧૬૩૧ના રોજ થઈ. આપનો મઝાર શરીફ એક ખુલ્લા ઓટા પર અહમદઆબાદ દિલ્હી દરવાજા બહાર હઠીસિંગની વાડી પાછળ હઠીપુરામાં લોખંડ બજારમાં આવેલ છે. ૧૬ જમાદીઉસ્સાનીના દિવસે સંદલશરીફની રસમ અદા કરવામાં આવે છે.

(હવાલા : ગુલશને હૂદ, તવારીખુલ ઔલિયા, અહમદઆબાદના ઔલિયા)



મઝાર શરીફ :- હઝરત સિરાજુસ સાલિકીન શૈખુલ આરિફીન સૈયદ શાહ અસદુલ્લાહ કાદરી રહમતુલ્લાહ અલયહ. હઠીસિંગની વાડી પાછળ, જૂના માધુપુરા, લોખંડબજાર, હઠીપુરા, દિલ્હી દરવાજા બહાર અહમદઆબાદ.

## શૈખુલ મશાઈખ હઝરત શાહ સૈયદ મહબૂબુલ્લાહ કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ મુબારક સૈયદ મહબૂબુલ્લાહ ઉર્ફે મુહિબુલ્લાહ છે. આપ હઝરત શૈખુલ આરિફીન અસદુલ્લાહના ફરઝંદ છે. પોતાના સમયના આપ મહાન કામિલવલી હતા. ઈલ્મે ઈરફાનથી આપ માહિર હતા.

આપનો ઉર્ષ શરીફ ૨૫મી શવ્વાલે થાય છે. આપનો મઝાર અહમદઆબાદમાં રાયખડ સૈયદવાડા પાસે ગાયકવાડની હવેલીના કોટનો અડીને આવેલો છે. જૂના રેકોર્ડમાં આ જગ્યાને શાહ મહબૂબુલ્લાહનું કબ્રસ્તાન કહ્યું છે. આપની પાસે આપના પૌત્ર હઝરત સૈયદ યાસીન રહમતુલ્લાહ અલયનો મઝાર છે. આપનો જમાનો શહેનશાહ ઔરંગઝેબ આલમગીર અને તેમના પછીનો જમાનો હતો. (ગુલશને હૂદ)



**મઝાર શરીફ :- શૈખુલ મશાઈખ હઝરત સૈયદશાહ મહબૂબુલ્લાહ કાદરી રહમતુલ્લાહ અલયહ (અહમદઆબાદ)**

## હઝરત સૈયદ અલી કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદઅલી છે. આપ હઝરત શાહ મહબૂબુલ્લાહના ફરઝંદ છે. શરીઅતના પાબંદ અને તરીકતમાં અજોડ હતા. આપના મુરીદોની સંખ્યા બેશુમાર હતી. હાલમાં પણ લોકો આપથી હુશ્ને અકીદત ધરાવે છે. જે મસ્જિદના સહેનમાં આપનો મઝાર મુબારક આવેલ છે તે મસ્જિદ આપના નામથી મશહૂર છે એટલે સૈયદઅલીની મસ્જિદ તરીકે પ્રખ્યાત છે. આ મસ્જિદ અહમદઆબાદમાં પ્રેમ દરવાજા પાસે આવેલ છે. આપના ઉર્સની તારીખ ૨૫મી શવ્વાલ છે.

## મઝાર શરીફ-મસ્જિદ : હઝરત સૈયદ અલી કાદરી રહમતુલ્લાહ અલયહ (અહમદઆબાદ)





### હઝરત સૈયદ શાહ હુસૈન કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ હુસૈન છે. આપ હઝરત સૈયદ શાહ મહબૂબુલ્લાહના ફરઝંદ અને ખલીફા છે. આપથી જ હઝરત શાહ મહબૂબુલ્લાહની ઔલાદ (વંશ)નો સિલસિલો આજપર્યંત ચાલુ છે. આપનો મઝાર શરીફ અહમદાબાદ, રાયખડ, સૈયદવાડ મહોલ્લામાં આવેલ છે.



### હઝરત સૈયદ શહીદ ગુલામ મુહમ્મદ ઇબ્ને શૈખુલ મશાઇખ સૈયદ શાહ મહબૂબુલ્લાહ કાદરી રહમતુલ્લાહ અલયહ

આપ શહીદ થયા છે અને મઝાર પોરબંદરમાં છે.



## હઝરત સૈયદ કાસિમ રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ કાસિમ છે. આપ હઝરત સૈયદ ઉસ્માન 'શમ્એ બુરહાની' રહમતુલ્લાહ અલયહના પૌત્ર છે અને હઝરત શાહ મહબૂબુલ્લાહના નવાસા છે, આપની અમ્મા સાહેબાનું નામ બીબી રાજી શરીફા હતું. આપ પોતાના નાના હઝરત સૈયદ શાહ મહબૂબુલ્લાહ રહમતુલ્લાહ અલયહ સાથે રહ્યા. આપની વફાત તારીખ ૨૮મી શવ્વાલ હિજરી ૧૧૪૧ છે. આપ પોતાની અમ્માની પાસે જ મદફન થયા છે. મઝાર શરીફ રાખયડ સૈયદવાડા અસ્કરીમિયાંની મસ્જિદ પાછળ એક ઓટલા પર આવેલ છે.



## હઝરત સૈયદ અસ્કરીમિયાં કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ અસ્કરીમિયાં બિન સૈયદ હુસૈન બિન સૈયદ મહબૂબુલ્લાહ છે. આપ વલીએ કામિલ હતા. રાતદિવસ ઝિક્રફિક્રમાં પસાર કરતા હતા.

આપનો મઝાર શરીફ જે મસ્જિદના સહેનથી જોડાયેલોછે તે મસ્જિદ આપના નામથી એટલે અસ્કરીમિયાંની મસ્જિદ તરીકે ઓળખાય છે. જે રાયખડ સૈયદવાડા અહમદઆબાદમાં આવેલ છે. મુરીદોએ આપના મઝાર પર સુંદર રોઝો બનાવ્યો છે જે મસ્જિદની શોભામાં વધારો કરે છે. આપના ઉર્સની તારીખ ૨૭મી રજ્જબ છે. આપના મઝારની પાસે આપના ફરઝંદ સૈયદ સૈયદમિયાં રહમતુલ્લાહ અલયહનો મઝાર છે. જેમનો ઉર્સ ૨૪મી રમઝાન પર ઉજવાય છે.



હઝરત સૈયદ અસ્કરીમિયાં કાદરી રહમતુલ્લાહ અલયહની મસ્જીદનો અંદરનો ભાગ



હઝરત સૈયદ અસ્કરીમિયાં કાદરી રહમતુલ્લાહ અલયહના રોઝા (ગુમ્બદ) અને આપની મસ્જીદ જે અહમદઆબાદ રાયખડમાં આવેલ છે.

## હઝરત સૈયદ યાસીનમિયાં કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ યાસીનમિયાં છે.આપ પોતાના વાલિદ હઝરત સૈયદ હુસૈન કાદરી રહમતુલ્લાહ અલયહના મુરીદ અને ખલીફા હતા. હઝરત સૈયદ અસ્કરીમિયાં આપના સગાભાઈ થાય છે અને આપનો મઝાર આપના દાદા હઝરત શાહ મહબૂબુલ્લાહ રહમતુલ્લાહ અલયહની પાસે છે.



## સનદુલ મશાઇખ પીર સૈયદ હુસૈન ઔલિયા રહમતુલ્લાહ અલયહ

**બાદ હૈ સૈયદ હુસૈન કાદરી બા ઇઝઝ વ જાહ,**
**આલમે ઇસ્લામ હૈ જીનકી વિલાયતકા ગવાહ**

આપનું મુબારક નામ સૈયદ હુસૈન છે અને લકબ 'ઔલિયા' મશહૂર છે. આપે પોતાના વાલિદ મહાન બુઝુર્ગ હઝરત બડાસાહબમિયાં પાસેથી ખિલાફ્ત વ ઈજાઝત મેળવી આપ વધુ સમય ઝિકરૂલ્લાહમાં પસાર કરતા જ્યારે આપ ઝિક્રમાં બેખૂદ થઈ જતા ત્યારે આપના જીસ્મના દરેક ભાગ જુદા થઈ જતા હતા.

એક વખત આપ પોતાના મુરીદોના ગામ આમસારણ (તા.મહેમદાવાદ)માં રોકાયા હતા. આપે તે ગામના નદીના કિનારે એક મસ્જિદ તામીર કરાવી હતી જે આપના નામ પરથી 'હુસૈની મસ્જિદ' આજે પણ ઉભી છે. તે મસ્જિદમાં આપ મોડી રાત બાદ ત્યાં ચાલ્યા જતા અને ઝિક્રમાં બેસી જતા. એક વખતે આપના એક બે મુરીદોએ મોડી રાત્રે મસ્જિદમાંથી 'ઈલ્લલ્લાહ'નો બુલંદ અવાજ સાંભળતા તેઓ જોવા ગયા. જોતાની સાથે જ

ગભરાઈ ગયા. કારણ કે મસ્જિદમાં આ મહાન પીર સૈયદ હુસૈનના શરીરના દરેક ભાગ જુદા થઈ ગયા હતા. જોનાર મુરીદો ગભરાયા અને બૂમો પાડી લોકોને ભેગા કરવા ગામમાં ગયા. ગામથી જ્યારે ઘણા માણસો આવ્યા ત્યારે આપ તો અસલ હાલતમાં સહી સલામત હતા આ દિવસે આપ ઔલિયા તરીકે મશહૂર થઈ ગયા. આપ પણ હઝરત અબુલ બરકાત સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની અવલાદમાં થયેલા એક કામિલ વલી છે.

મહાન સૂફી અને સાબિર બુઝુર્ગ હઝરત સૈયદ શાહ મહમૂદમિયાં કાદરી રહમતુલ્લાહ અલયહ


આપનું નામ સૈયદ મહમૂદમિયાં છે.આપે પોતાના વાલિદ હઝરત સનદુલ મશાઈખ પીર હુસૈન ઔલિયા રહમતુલ્લાહ અલયહથી તાલીમ હાંસિલ કરી આપના રૂહાની વારસદાર એટલે ખલીફા પણ બન્યા. ગુજરાતના ખ્યાતનામ શાઈર હઝરત ફખરે ગુજરાત સૈયદ ફખરૂદ્દીન 'ફખ્ર' કાદરી રહમતુલ્લાહ અલયહના આપ વાલિદ અને પીર છે. તેમજ આપનાથી ભત્રીજા સૈયદ હકીમ ઝેનુમિયાં કાદરી સાહેબને પણ ખિલાફત હાંસિલ થઈ છે. ૧૧ ઝિલહજ્જ હિ.સ.૧૩૫૩ તા.૨૭-૩-૧૯૩૪, મંગળવારના રોજ આપે વિસાલ ફરમાવ્યો. આપનો મઝાર જમાલપુર, દરવાજા બહાર રામરહીમના ટેકરા પાસે કદમે રસૂલેપાકના રોઝાના કંપાઉન્ડમાં આવેલ છે.



મઝાર શરીફ :- હઝરત પીર સૈયદ મહમૂદમિયાં કાદરી રહમતુલ્લાહ અલયહ (કદમે રસૂલ)ના કંમ્પાઉન્ડમાં, રામ-રહીમના ટેકરા, જમાલપુર દરવાજા, અહમદઆબાદ)

## હઝરત સૈયદ અમીન સાહબ કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ અમીન અને વાલિદનું નામ સૈયદમિયા હતું. આપે



પોતાના વાલિદ પાસેથી ઉર્દૂ, ફારસી અને અરબીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. આપની વાઅઝ પુર અસર હતી. આપ મોટાભાગે તકરીરમાં તફસીર અને તસવ્વુફ બયાન કરતા હતા.

આપે પોતાના વાલિદ સાહેબ પાસેથી ખિલાફત અને ઈજાઝત મેળવી તેમના રૂહાની ખલીફા બન્યા. આપના મુરીદોની સંખ્યા અસંખ્ય હતી. આપની વફાત ૨૦મી રજ્જબ હિજરી ૧૩૩૫માં થઈ. આપનો મઝાર અહમદઆબાદમાં રાયખડ સૌયદવાડા સૌયદ અસ્કરીમિયાંની મસ્જિદ પાસે આવેલ છે.

**મઝાર શરીફ :- હઝરત સૈયદ અમીનસાહબ કાદરી રહમતુલ્લાહ અલયહ**


## હઝરત પીર ઝયનુલઆબિદીન ઉર્ફે ઝેનુમિયાં બાવા રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ ઝયનુલ આબિદીન ઉર્ફે ઝેનુમિયાં છે આપના વાલિદ સૈયદ દાદામિયાં અને દાદા સૈયદ હુસૈન ઔલિયા હતા. આપ હઝરત સુલતાન હાજી હૂદ રહમતુલ્લાહ અલયહની અવલાદના તે બુઝુર્ગો પૈકી છે જે અહમદઆબાદથી કડી (ઉં.ગુ.) આવી વસ્યા. આપ ઉર્દૂ ફારસી અને અરબીના જાણકાર હતા. ઈલ્મે હિકમત એ આપનો આગવો વિષય હતો. આપ સરકારી રજિસ્ટર હકીમ હતા. આપનું સ્વતંત્ર એક દવાખાનું હતું. ઘણાય હઠીલા રોગોનો ઈલાજ થતો, બીમારોને શિફા મળતી અને લોકો ફૈઝયાબ થતા.

આપે પોતાના કાકા મહાન સૂફી અને સાબિર બુઝુર્ગ હઝરત સૈયદ મહમૂદમિયાં રહમતુલ્લાહ અલયહના દસ્તે હક પરસ્ત પર બયઅત કરી આપના મુરીદ અને ખલીફા બન્યા. આપે દીની-મિલ્લી ઘણી જ સેવા બજાવી છે. અહેલે સુન્નત વ જમાઅતના આપ સાચા મુજાહિદ હતા. અવારનવાર પરચાઓ છપાવી અહેલે સુન્નત વ જમાઅતની આપે સેવા બજાવી છે. આપની મહેફિલમાં ઉલ્માએ કિરામ અને સૂફીયાએ કિરામ તશરીફ લાવતા. આપના મુરીદોનો સમુદાય ગુજરાતમાં  છવાયેલો છે. ૨૨મી સફર હિજરી સન ૧૩૮૫ને બુધવાર તારીખ ૨૩-૬-૧૯૬૫ના રોજ ૮૭ અવર્ષની વયે આપ વફાત પામ્યા. (ઈન્ના લિલ્લાહિ ઈન્ના ઈલયહિ રાજિઉન) આપનો મઝાર કડી (જિ. મહેસાણા)માં કલોલ દરવાજા પાસે હઝરત શહીદ મૌલાના અબ્દુલ હઈ સાહબ રહમતુલ્લાહ અલયહના રોઝા મુબારકમાં આવેલ છે.


નોટઃ- આ જગ્યાને કડીમાં પીર હય્યલશાહનું કબ્રસ્તાન તરીકે ઓળખવામાં આવે છે.

**જીન્કો ચાહત સે કહા કરતે થે સબ ઝેનુમિયાં**
**ફખ્ર બેશક ખાદીમો કે હકમે થે વોહ મહેરબાં**




**દરગાહ શરીફ :-**
**હઝરત શહીદ અબ્દુલ હય્ય રહમતુલ્લાહ અલયહ જેમાં દાખલ થતાં જ પ્રથમ હઝરત પીર ઝેનુમિયાં બાવા રહમતુલ્લાહ અલયહનો મઝાર આવેલ છે.**
**મુ. કડી**
**(જિ. મહેસાણા)**

## મઝાર શરીફ : હજરત પીર ઝેનુમિયાં કાદરી બાવા સાહેબ મુ. કડી (ઉ. ગુ.)




## આરિફેબિલ્લાહ હઝરત ફખ્રે ગુજરાત 'ફખ્ર' કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ ફખરૂદ્દીન છે અને લકબ 'ફખ્રે ગુજરાત' છે. આપ પીર ઝેનુમિયાં સાહેબના પીતરાઈ ભાઈ અને હઝરત સૈયદ મહમૂદમિયાંના ફરઝંદ છે. આપે ઉર્દૂ અને ફારસીની ઉચ્ચ તાલીમ મેળવી હતી. આપ મશ્હૂર શાઈર બલ્કે શાઈરોના ઉસ્તાદ એટલે ઉશ્તાદુશશોઅરા હતા. 'ફખ્ર' આપનો તખલ્લુસ છે.

આપની શાઈરીમાં ઈશ્કે રસૂલ અને ઈશ્કે ખુદાનો સાગર મોજા મારતો નજરે પડે છે. આપ દર વર્ષે ગૌષેપાકનો ઉર્સ મુબારક ઉજવતા હતા. આપ આશિકે ગૌષે હતા. ગૌષેપાકની શાનમાં આપે ઘણી મનકબત લખી છે અને તેનો સંગ્રહ પ્રસિદ્ધ થયો છે જે 'મયખાને ગૌષ'થી મશહૂર છે. દર મોહર્રમમાં આપ પોતાના મકાન પર એક સરસ મુશાયરાનું આયોજન કરતા જેમાં ભારતના ખ્યાતનામ શોઅરા ભાગ લેતા. શાયરીની પ્રણાલિકામાં આપ ગુજરાતના 'ગાલિબ' કહેવાતા. આપે ગુજરાતને ફખ્રી શાયરોની ભેટ આપી છે. આપની વફાત બાદ આપના કલામનો સંગ્રહ 'કાઈનાતે ફખ્ર' ગાંધીનગર ઉર્દુ સાહિત્ય એકેડેમીએ પ્રસિદ્ધ કર્યો છે.

આપે પોતાના વાલિદ હઝરત મહમૂદમિયાં સાહેબ પાસેથી બયઅત કરી તેમના મુરીદ અને રૂહાની વારસદાર બન્યા.

હઝરત 'ફખ્ર' સાહેબ પોતાનો પરિચય પોતાના આ એક શે'રમાં આપે છે.

**ઇબ્ને અલી હું, નૂરે નિગાહે બતૂલ હું**
**ક્યા કમ હૈ યે સર્ફ કે મૈં આલે રસૂલ હું**

દુનિયા વિશે આપ પોતાના વિચારો આ રીતે પોતાના એક શે'રમાં રજૂ કરે છે.

**આલમે ઇન્કિલાબ હૈ દુનિયા, ચંદ લમ્હોં કા ખ્વાબ હૈ દુનિયા**
**'ફખ્ર' ક્યોં દિલ લગાએ હમ ઈસ સે, નહીં અચ્છી ખરાબ હૈ દુનિયા**

હયાતુન્નબી વિશે શંકા-કુશંકામાં સપડાયેલા બાતિલ ફિર્કાવાળાઓને આપે જડબાતોડ જવાબ આપતો એક લાજવાબ મકતો રચ્યો હતો અને આ શે'ર આપે ૧૯૬૨માં દારૂલ ઉલૂમ શાહેઆલમ અહમદઆબાદના દસ્તારે ફઝિલતના જલ્સામાં રજૂ કરીને સુન્નીયતની બોલબાલા કરી દીધી હતી. આજે પણ આપનો આ શે'ર ગૂંજી રહ્યો છે.

**કુછ સોચ અય વહાબીએ-ગુસ્તાખો બે અદબ,**
**લેતા હૈ ક્યું વબાલ ગુનાહે અઝીમ કા**
**ઉળઝા હુઆ હૈ બહસે હયાતુન્નબીમેં ક્યું ?,**
**ઈંધન બના હૈ કીસ લીએ નારે જહીમ કા**
**હુજ્જતકો છોળ ચશ્મે અકીદતસે દેખલે,**
**ઝિંદા હૈ બાલ-બાલ રસૂલે કરીમકા**



હઝરત ફખ્રે ગુજરાત 'ફખ્ર' કાદરી રહમતુલ્લાહ અલયહનો ઈન્તેકાલ ઈ.સ. ૧૯૬૯ ૧૨મી જમાદીલ આખિર હિજરી ૧૩૮૯માં થયો. આપનો મઝાર અહમદઆબાદમાં શાહીબાગ પાસે હઝરત મૂસા સુહાગ રહમતુલ્લાહ અલયહના કબ્રસ્તાનમાં મુખ્ય દરવાજા પાસે આવેલ છે. મુરીદો અને મોઅતેકીદોએ આપના મઝાર પર સુંદર રોઝો બનાવ્યો છે જે 'આસતાનાએ ફખ્રે ગુજરાત' તરીકે આજે પણ ફૈઝનો ચશ્મો છે.



## શમ્સુસ સાલિકીન હઝરત સૈયદ પીર શમ્સુદીન કાદરી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ સૈયદ શમ્સુદીન છે. આપ હઝરત સૈયદ પીર હકીમ ઝૈનુમિયાં કાદરીના ફરઝંદ અને મુરીદ તેમજ ખલીફા છે. આપને હઝરત ફખરે ગુજરાત સૈયદ ફખરૂદીન 'ફખ્ર' કાદરી રહમતુલ્લાહ અલયહ કે જેઓ કાકા થતા હતા. તેમની પાસેથી પણ સિલસિલએ આલિયા કાદરીયાહની ખિલાફત હાંસિલ થઈ છે. હઝરત ફખરે ગુજરાત રહમતુલ્લાહ અલયહને આપથી ઘણી મુહબ્બત હતી.



હઝરત સૈયદ શમ્સુદીન કાદરી રહમતુલ્લાહ અલયહે ઉર્દૂ અરબી અનો ફારસીની તાલીમ અહમદાબાદમાં પ્રાપ્ત કરી હતી. આપ આ કિતાબના સંપાદક સૈયદ દાદામિયાંના વાલિદ (પિતા) અને પીર છે. આપે ૧૯ રબીઉસ્સાની હિ.સ.૧૪૦૭ ને તા.૨૨-૧૨-૧૯૮૬ સોમવારના રોજ વિસાલ ફરમાવ્યો. આપનો મઝાર રૂપાલ (તા.બાવલા) ગામના કબ્રસ્તાનમાં છે. આપના મઝારની પાયેતીમાં આપની અહેલિયા (પત્ની) હઝરત સૈયદા તમીઝુન્નીશાનો મઝાર આવેલ છે. આપ હઝરત ખ્વાજા સુલતાન હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુની ઔલાદમાં તે બુઝુર્ગ છે જેઓ રૂપાલ સ્થાયી થયા હતા.



## શજર-એ-નસબ

## પીરે તરીકત સૈયદ દાદામિયાં કાદરી હૂદી હુસૈની

(૧) હઝરત અલી શેરેખુદા કરમલ્લાહુ તઆલા વજહુલકરીમ.
(૨) હઝરત ઈમામહુસૈન શહીદે કરબલા રદિયલ્લાહુ અન્હુ.
(૩) હઝરત ઈમામઝૈનુલ આબિદીન બીમારે કરબલા રદિયલ્લાહુ અન્હુ
(૪) હઝરત ઈમામમોહંમ્મદ બાકિર રદિયલ્લાહુ અન્હુ
(૫) હઝરત અબ્દુલ્લાહ ઉર્ફે ઉબેદુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ
(આપની આપની અમ્માનું નામબીબી ઉમ્મે હકીમા છે.)
(૬) હઝરત સુલતાન સૈયદ સલીમરદિયલ્લાહુ અન્હુ
(૭) હઝરત સુલતાન સૈયદ સદાદ રદિયલ્લાહુ અન્હુ
(૮) હઝરત સુલતાન સૈયદ તલ્હા રદિયલ્લાહુ અન્હુ
(૯) હઝરત સુલતા સૈયદ રબીઆ રદિયલ્લાહુ અન્હુ
(૧૦) હઝરત સુલતાન સૈયદ જઅદ રદિયલ્લાહુ અન્હુ
(૧૧) હઝરત સુલતાન સૈયદ સુફયાન રદિયલ્લાહુ અન્હુ
(૧૨) હઝરત સુલતાન સૈયદ અજરા રદિયલ્લાહુ અન્હુ
(૧૩) હઝરત સુલતાન સૈયદ ફરૂવ્વા રદિયલ્લાહુ અન્હુ
(૧૪) હઝરત સુલતાન સૈયદ ઝહીર રદિયલ્લાહુ અન્હુ
(૧૫) હઝરત સુલતાન સૈયદ અવ્વાના રદિયલ્લાહુ અન્હુ
(૧૬) હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહુ અન્હુ
(મઝાર શરીફ પાટણ ઉ.ગુ.માં છે.)
(૧૭) હઝરત સૈયદ શાહ ઈસ્માઈલ રદિયલ્લાહુ અન્હુ
(ખલીફએ હઝરત ગૌષુલ આઝમ રદિયલ્લાહુ અન્હુ)
(૧૮) હઝરત સૈયદ શાહ ઈસ્હાક રદિયલ્લાહુ અન્હુ
(૧૯) હઝરત સૈયદ શાહ મુહમ્મદ રદિયલ્લાહુ અન્હુ
(૨૦) હઝરત સૈયદ શાહ કાસિમ રદિયલ્લાહુ અન્હુ
(૨૧) હઝરત સૈયદ શાહ સુલૈમાન રદિયલ્લાહુ અન્હુ
(૨૨) હઝરત સૈયદ શાહ ખલીલુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ

(૨૩) હઝરત સૈયદ કુતુબુદ્દીન
(૨૪) હઝરત સૈયદ ગૌષુલવરા હસન ફકીહ
(મઝાર શરીફ પાટણમાં છે.)

(૨૩) હઝરત સૈયદઅલી
(૨૪) હઝરત સૈયદ કાઝી અહમદ જૂદ
(અહમદઆબાદની સ્થાપના કરનાર ચાર અહમદો પૈકીના આપ એક છે. મઝાર શરીફ પાટણમાં આવેલ છે.

(૨૫) હઝરત સૈયદ નૂરૂલ્લાહ અકબર
(૨૬) હઝરત સૈયદ અબ્દુલ અઝીઝ વિસાલી
(૨૭) હજરત સૈયદ નૂરુલ્લાહ અસગર
(૨૮) હજરત સૈયદ મહબૂબુલ્લાહ ઉર્ફે મહબૂબુર્રહમાન
(૨૯) હઝરત સૈયદ શાહ અસદુલ્લાહ
( મઝાર શરીફ અહમદઆબાદ માધુપુરામાં છે.)

(૩૦) હઝરત સૈયદ શાહ મહબૂબુલ્લાહ
(મઝાર શરીફ અહમદઆબાદ
ગાયકવાડ હવેલી પાસે રાયખડમાં છે.)

(૩૧) ૧, સૈયદ મહમૂદ. ૨,સૈયદ ગુલામમુહમ્મદ (પોરબંદર). ૩,સૈયદ અલી (પ્રેમદરવાજા).
૪,સૈયદ હસન. ૫,હઝરત સૈયદ શાહ હુસૈન (મઝાર શરીફ રાયખડ સૈયદવાડામાં છે.).
૬,સૈયદ અબૂબકર મુહિયુદ્દીન. ૭, સૈયદ ઉંમર.

(૩૨) હઝરત સૈયદ યાસીન
(મઝાર શરીફ ગાયકવાડ હવેલી પાસે,
રાયખડ, અહમદઆબાદમાં છે.)

(૩૨) હઝરત સૈયદ અસ્કરી
(મઝાર શરીફ અને મસ્જિદ અહમદઆબાદ
રાયખડ સૈયદવાડામાં આવેલછેં અને ઔલાદ
પણ અહમદઆબાદમાં મોજૂદ છે.)

(૩૩) હઝરત સૈયદ નૂરૂલ્લાહ
(૩૪) હઝરત સૈયદ મુહમ્મદ ગરીબુલ્લાહ
(૩૫) હઝરત સૈયદ બડા સાહબમિયાં
(૩૬) હઝરત સૈયદ હુસૈનમિયાં ઔલિયા

(૩૭) હઝરત સૈયદ દાદામિયાં

(૩૭) હઝરત સૈયદ મહમૂદમિયાં (મઝાર શરીફ
અહમદઆબાદ, જમાલપુર કદમે રસૂલની
દરગાહના કમ્પાઉન્ડમાં આવેલ છે.

(૩૮) હઝરત સૈયદ ઝૈનુમિયાં હકીમ
(મઝાર શરીફ કડી ઉ.ગુ.માં
પીર હય્યલશાહ બાવાના રોઝામાં છે.)

(૩૮) હઝરત સૈયદ ફખરૂદ્દીન ફખ્રે ગુજરાત
'ફખ્ર' કાદરી સાહબ (મઝાર શરીફ
અહમદઆબાદ મૂસાસુહાગ કબ્રસ્તાનમાં છે.

(૩૯) હઝરત સૈયદ શમ્સુદ્દીન
(મઝાર શરીફ રૂપાલ કબ્રસ્તાનમાં છે.)

(૩૯) હઝરત સૈયદ હુસૈનમિયાં (મઝાર કડીમાં છે,)

(૪૦) હઝરત સૈયદ દાદામિયાં (મુહિબ)

(૪૦)૧, સૈયદ મિયાં, ૨,મહમૂદ મિયાં
૩, ફખરૂદ્દીન ૪, ઝૈનુ મિયાં

(૪૧) હઝરત સૈયદ એહસાનુલહક

(૪૧) હઝરત સૈયદ ઇન્આમુલહક

(૪૨) હઝરત સૈયદ અસદુલહક

ઝિયાઉલહક

મો઼ ઈજુલહક

# અપીલ

સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલની સુન્ની સાહિત્યની મફત ઘેરઘેર પહોંચતી કરવાની આંતર રાષ્ટ્રીય સેવાથી હવે કોઈ અજાણ નથી.

આજ સુધીમાં લાખોની સંખ્યામાં નાની મોટી અને દળદાર કિતાબો છપાવીને ભારત જ નહી દુનિયાના અનેક દેશોમાં પહોંચતી કરી છે ! જેના માટે કમિટી ગૌરવ લેવાની હકદાર છે.

ગોંડલની સુન્ની મુસ્લિમ કમિટીની આ ખિદમત કે જે એક મહાન સુન્ની અકાઈદની તબ્લિગ છે. તે સતત જારી અને સારી રહે તે માટે આપ તેની દરેક રીતે મદદ કરી સવાબે જારીયા ના હકદાર બનો. આપની ઝકાત, ફિતરા, સદકા, અને ઈમદાદ તેમજ ઈસાલે સવાબ ની રકમ નીચે સરનામે મોકલી આપશોજી.


સરનામું

**સુન્ની મુસ્લિમ કમિટી**

હવેલી શેરી-વેરી દરવાજા, મુ. ગોંડલ જી. રાજકોટ-૩૬૦૩૧૧